



**સુવિચાર**

''મોડું સમજાયેલું સત્ય તાળું તોડયાં પછી મળેલી ચાવી જેવું હોય છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૦/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૨૬૦

## જલેબી અને ગાંઠીયાનું રેકોર્ડ બ્રેક વેચાણ થવાની આશા વચ્ચે

# અમરેલી જિલ્લામાં ''દશેરા'' પર્વને લઈને ઉત્સાહનો માહોલ

### કાળઝાળ મોંઘવારી, બેરોજગારીનો માહોલ હોવા છતાં પણ ''દશેરા''ની ઉજવણી કરાશે

### જિલ્લાભરનાં મીઠાઈ અને ફરસાણનાં વેપારીઓ સજીધજીને તૈયાર થઈ ચુકયા છે

### એક જ દિવસમાં જિલ્લામાં મોટા પ્રમાણમાં ગાંઠિયા અને જલેબીનું થશે વેચાણ

### નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા તહેવારોથી જિલ્લાની બજારોમાં રોનક જોવા મળી

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં આવતીકાલ મંગળવારે ''દશેરા'' એટલે કે વિજયાદશમીનાં પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરાશે અને એક જ દિવસમાં લાખો રૂપિયાનાં ગાંઠીયા અને જલેબીનું વેચાણ થવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

અમરેલી, સાવરકુંડલા સહિતનાં ફરસાણ અને મીઠાઈનાં વેપારીઓ સજીધજીને તૈયાર થયા છે. નવરાત્રિ, દશેરા અને દિવાળી સુધી મીઠાઈ, ફરસાણ તેમજ અન્ય વેપાર–ધંધામાં પણ તેજીનો માહોલ જોવા મળશે.

જો કે કાળઝાળ મોંઘવારી, બેરોજગારી, અપુરતાંવરસાદનાંમાહોલ વચ્ચે પણ હિન્દુ ધર્મનાં સૌથી મોટા તહેવારની ઉજવણી સૌ કોઈ હોંશે હોંશે કરશે તે પણ નિશ્ચિત છે.

## મગજ અને કમરની બીમારીથી કંટાળી ગયાની આશંકા

# બગસરામાં દેશી તમંચાથી ફાયરિંગ કરીને વૃધ્ધે આત્મહત્યા કરી લેતા ચકચાર

અમરેલી, તા. ૧૯

બગસરા શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા એક ૭૦ વર્ષીય વૃદ્ધે પોતાની પાસે ગેરકાયદે રીતે રાખેલ દેશી બનાવટના તમંચાથી ફાયરિંગ કરી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. મૃતક વૃદ્ધ લાંબા સમયથી મગજ અને કમરની બીમારીથી પીડાતા વૃદ્ધે બીમારીથી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જમીનમાં મને વાવવાની કોણ ના પાડે તેમ કહી

# રાજુલાનાં જુની બારપટોળી ગામે પુત્રએ તેમના પિતાને મારી નાખવાની ધમકી આપી

### પિતાએ તેમના પુત્ર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના જુની બારપટોળી ગામે આશ્રમની સામે રહેતા લાખાભાઈ ખોડાભાઈ જીતીયા નામના ૫૫ વર્ષિય ખેડૂત જુની બારપટોળી ગામે સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના અરસામાં તેમના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમનો પુત્ર આરોપી નરેશ લાખાભાઈ જીતીયા દારૂ પીધલ હાલતમાં ઘરે આવેલ હતો અને તેમના પિતાને કહેલ કે કાલે સવારમાં મારૂ ટ્રેકટર ખેતર ખેડવા માટે આવે છે અને જમીનમાં મને વાવવાની કોણ ના પાડે છે. તેમ કહી

**અનુસંધાન પાના ૬ ઉપર**











**ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ સંચાલિત**
**પીટીસી કોલેજ–અમરેલી**

આચાર્યશ્રી છોટુભાઈ વિઠલાણી ભવન, ફોરવર્ડ કેમ્પસ, લાઠી રોડ, અમરેલી–૩૬૫૬૦૧

| સંસ્થાનો પ્રકાર | માધ્યમ | ઈન્ટેક |
|---|---|---|
| મિશ્ર (કુમાર/કન્યા) | ગુજરાતી | ૬૨ |

**મેનેજમેન્ટ કવોટા પ્રવેશ જાહેરાત**

ગુજરાત પ્રાથમિક શિક્ષણનિયામકશ્રી ગાંધીનગરના તા. ૧૭/૧૦/૨૦૨૬ના પત્ર મુજબ તેમજ પત્રમાં દર્શાવેલ તા. ૧૭/૦૫/૨૦૦૫, તા. ૦૫/૦૭/૨૦૧૨ તથા તા. ૨૭/૦૧/૨૦૨૬ના ઠરાવ મુજબ

ઈન્ટેકના ૧૫% મુજબ મેનેજમેન્ટ કવોટામાં ૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો છે

પ્રવેશ માટે અરજી ફોર્મ મેળવી નિયત ફોર્મ ભરીને નિયત કરેલી ફોર્મ ફી (સામાન્ય ઉમેદવારના રૂા. ૧૫૦ અને અનામત ઉમેદવારના રૂા. ૧૦૦) સાથે તા. ૨૦/૧૦/૨૦૨૬ થી તા. ૨૪/૧૦/૨૦૨૬ સાંજના ૦૫:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલ થી સંસ્થાના સરનામે મોકલવાની રહેશે

રમેશભાઈ વિઠલાણી (મેનેજિંગ ટ્રસ્ટી–ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ)
હિરેનભાઈ વિઠલાણી (ટ્રસ્ટી–ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ)
પૂર્વીબેન સાકરીયા (ટ્રસ્ટી–ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ)
સપનભાઈ દવે (આચાર્ય–ફોરવર્ડ પીટીસી કોલેજ)









### હિન્દુ ધર્મનો સૌથી મોટો તહેવાર નજીકમાં હોય

# સાવરકુંડલામાં છૂટા પૈસા અને નવી ચલણી નોટોની અછત

## તહેવારો નિમિત્તે નવી નોટો અને સિક્કા ફાળવવા માંગ

સાવરકુંડલા, તા. ૧૯

ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા અને પ્રમુખ પર્વ એવા દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે, ત્યારે સાવરકુંડલા શહેરના બજારોમાં હાલ ચલણી નોટો અને છૂટા સિક્કાની ભારે અછત જોવા મળી રહી છે. જેના કારણે વેપારીઓ તેમજ સામાન્ય નાગરિકોને રોજિંદા રોકડ વ્યવહારોમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

દિવાળીના પવિત્ર તહેવાર દરમિયાન લોકો પોતાના મિત્રો, સ્નેહીજનો અને નાના બાળકોને શુભ બધાઈ તથા શુભાષીશ ભેટ તરીકે નવી ચલણી નોટો આપવાનું વિશેષ મહત્વ માનતા હોય છે. નવી નોટો અને સિક્કા સરળતાથી મળી રહે તો લોકોને ભેટ–સોગાદ અર્પણ કરવામાં ખૂબ સુગમતા રહે છે. આ ઉપરાંત, બજારમાં ખરીદી કરવા આવતા ગ્રાહકોને બાકીની રકમ પરત આપવા માટે નાના વેપારીઓ, શાકભાજી વિક્રેતાઓ અને લારી–ગલ્લાવાળાઓ માટે છૂટા પૈસાની અછત મોટી સમસ્યા બની રહી છે.

બીજી તરફ, હાલ બજારમાં રૂા. ૧૦, રૂા. ૨૦ અને રૂા.૫૦ની ફાટેલી–તૂટેલી અને જૂની ચલણી નોટોનું પ્રમાણ વધુ હોવાથી વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે વારંવાર ઘર્ષણ અને મૂંઝવણની પરિસ્થિતિ સર્જાય છે.

આ સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને સાવરકુંડલાના વેપારી વર્ગ અને સ્થાનિક નાગરિકોની માંગ છે કે, તહેવારો નિમિત્તે બેંકો દ્વારા ત્વરિત નવી ચલણી નોટો અને સિક્કાઓનો પૂરતો જથ્થો બજારમાં ફરતો કરવામાં આવે. રૂા. ૧૦, રૂા. ૨૦ અને રૂા.૫૦ની ક્ષતિગ્રસ્ત તથા જૂની નોટો બેંકો દ્વારા સરળતાથી સ્વીકારી તેના બદલામાં સારી સ્થિતિની નોટો આપવામાં આવે.

સંબંધિત બેંક અધિકારીઓ આ પ્રશ્નને પ્રાથમિકતાઆપી વહેલી તકે યોગ્ય વ્યવસ્થા ગોઠવે જેથી રોકડ વ્યવહારો સરળ બને અને નાગરિકોને પડતી મુશ્કેલીઓનો અંત આવે. દિવાળીના શુભ પર્વ નિમિત્તે બેંક તંત્ર દ્વારા આ બાબતે સત્વરે અને સકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી પ્રબળ લોક લાગણી પ્રવર્તી રહી છે.

### ધારાસભ્ય સહિત ભાજપનાં આગેવાનોએ

# બાબરામાં મકવાણા પરિવારનાં મઢે માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૯

બાબરામાં ખોડલભાઈ મકવાણાનાં પરિવારનાં મઢે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત ભાજપનાં અગ્રણીઓએ માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, બાબરા શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખાખર, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ રમેશભાઈ પરવાડીયા, બાબરા નગરપાલિકાનાં સદસ્યો તેમજ બાબરા શહેર ભાજપની ટીમ ઉપસ્થિત રહી હતી.

આ પ્રસંગે તમામ અગ્રણીઓએ માતાજીનાં ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. ધાર્મિક માહોલમાં યોજાયેલી આ મુલાકાત દરમિયાન મકવાણા પરિવારનાં મઢે સૌએ માતાજી પ્રત્યે શ્રદ્ધા અને આસ્થા વ્યક્ત કરી હતી. ધર્મ અને આસ્થાની પરંપરાને જાળવી રાખતાં આવા ધાર્મિક પ્રસંગો સમાજમાં સંસ્કાર, એકતા અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

# લુપ્ત થતી એક પ્રજાતિ : નાના છુટક વેપારી

અમરેલી, તા. ૧૯

તમે કહી શકો કે બેંગાલ ટાઈગર, એશિયાટિક લાયન, સ્નો લેપર્ડ, બ્લેકબક અને ભારતની બજારોમાં ધંધો કરતો નાનો છૂટક વેપારી આ બધા વચ્ચે શું સામ્ય છે ?

**જવાબ છે :** આ બધી લુપ્ત થઈ રહેલ પ્રજાતિઓ છે !

ફરક માત્ર એટલો છે કે વન્યજીવોના સંરક્ષણ માટે અભયારણ્યો છે, કાયદા છે, સરકારી યોજનાઓ છે અને અનેક સંસ્થાઓ છે. પરંતુ અસ્તિત્વની લડાઈ લડતા નાના છૂટક વેપારી માટે એવું કોઈ અભયારણ્ય નથી !



ભારતની પરંપરાગત બજારોમાં એક અદભૂત બદલાવ આવી ચૂકયો છે. નાની દુકાનોમાંથી ધીમે ધીમે ગ્રાહકો અદશ્ય થઈ રહ્યા છે ! અમરેલી જેવા શહેરોની બજારોમાં નીકળીએ અને દુકાનોમાં નજર કરીએ તો શેઠ અને વાણોતર બંને હાથમાં મોબાઈલ લઈને બેઠા જોવા મળ ! આખા દિવસ દરમિયાન દુકાનમાં જેટલા ગ્રાહકો નથી આવતા, તેનાથી વધારે રીલ મોબાઈલમાં આવી જાય છે ! અને આ પરિસ્થિતિ માત્ર અમરેલી પૂરતી મર્યાદિત નથી. દેશનાં અસંખ્ય નાનાં અને મધ્યમ શહેરોની પરંપરાગત બજારોમાં આવા જ દશ્યો જોવા મળે છે. રાજકોટની બજારોમાં પરંપરાગત બપોરની રીસેસ એક સમયે વેપારીઓની વ્યસ્ત દિનચર્યામાંથી મળ તો વિરામ હતો. આજે કેટલાક નાના વેપારીઓ માટે એ રીસેસ જાણે ગ્રાહકોની પ્રતીક્ષા કરવામાંથી મળતી રાહત બની ગઈ છે !

વિશાળ શોપિંગ મોલ, સુપરમાર્કેટ, ઓનલાઈન માર્કેટપ્લેસ અને હવે કિવક કોમર્સ કંપનીઓ જીવનજરૂરી ચીજવસ્તુઓના વેપારમાં ઝડપથી પોતાનું સ્થાન જમાવી રહી છે. એક તરફ કરોડોની મૂડી ધરાવતી કોર્પોરેટ કંપનીઓ છે, બીજી તરફ આખી જિંદગીની બચત દુકાનમાં રોકીને બેઠેલો નાનો વેપારી છે.

આ કંપનીઓ પાસે અત્યાધુનિક ટેકનોલોજી, વિશાળ જાહેરાત બજેટ અને એક શાથે મોટા પાયે ખરીદી કરવાની ક્ષમતા છે. તેઓ ડિસ્કાઉન્ટ આપી શકે છે, ઘરબેઠાં ડિલિવરી કરી શકે છે અને અમુક બજારોમાં લાંબા સમય સુધી અત્યંત ઓછા નફા સાથે વેપાર પણ કરી શકે છે. તેની સામે નાના દુકાનદાર પાસે શું છે ?

મર્યાદિત મૂડી, દુકાનનું ભાડું, વીજળીનું બિલ, કર્મચારીનો પગાર,માલની ઉધારી અને પરિવારના ભરણપોષણની જવાબદારી !

આ સ્પર્ધામાં બંને માટે મેદાન એક છે, પરંતુ બંનેની આર્થિક તાકાત વચ્ચે જમીન – આસમાનનો ફરક છે. અહીં એક મહવનો પ્રશ્ન ઊભો થાય છે. શું મુક્ત બજારનો અર્થ માત્ર મોટી મૂડી ધરાવનારને જ ટકી રહેવાની તક આપવાનો છે ?

આધુનિક વેપારનો વિરોધ નથી, પરંતુ આધુનિકીકરણની આ દોડમાં પરંપરાગત નાના વેપારીઓ સંપૂર્ણપણે હાંસિયામાં ધકેલાઈ જાય તો તેના સામાજિક અને આર્થિક પરિણામો શું હશે ?

નાનો દુકાનદાર માત્ર ચીજવસ્તુઓ વેચતો માણસ નથી, તે સ્થાનિક અર્થતંત્રની એક મહવની કડી છે. તે પોતાના વિસ્તારમાં રોજગારી આપે છે. સ્થાનિક ઉત્પાદકો પાસેથી માલ ખરીદે છે. ગ્રાહકને ઓળખે છે. જરૂરિયાતના સમયે ઉધાર આપે છે. પોતાના ગ્રાહકના સુખદુ:ખમાં ભાગીદાર બને છે.

આપણે માત્ર દુકાનો નથી ગુમાવી રહ્યા, આપણી બજારોની એક સામાજિક સંસ્કૃતિ પણ ગુમાવવાનું જોખમ ઊભું થયું છે.

જેની પાસે રોજિંદો વેપાર ચલાવવા પૂરતી મૂડી પણ માંડ હોય, તેની પાસેથી અબજો રૂપિયાની કંપનીઓ સામે એકલા હાથે સ્પર્ધા કરવાની અપેક્ષા કેટલી વાજબી છે ? દેશના કરોડો પરિવારોના જીવનનિર્વાહ સાથે જોડાયેલા નાના વેપારીઓ માટે પણ ટેકનોલોજી, સસ્તું ધિરાણ, ડિજિટલ માર્કેટિંગ અને ન્યાયસંગત સ્પર્ધાની વ્યવસ્થા મજબૂત કરવાની જરૂર નથી ? દેશની આર્થિક પ્રગતિનું માપ માત્ર કેટલા નવા મોલ ખૂલ્યા કે કેટલી ઓનલાઈન ડિલિવરી થઈ તેના પરથી નક્કી ન થઈ શકે. તેની સાથે એ પણ જોવું પડશે કે દેશની પરંપરાગત બજારોમાં કેટલા નાના વેપારીઓ હજુ પોતાના પગ પર ઊભા છે.

**સવાલ માત્ર એટલો જ છે:**

વાઘ માટે અભયારણ્ય છે, સિંહ માટે સંરક્ષણ છે, પરંતુ ભારતના નાના વેપારીના અસ્તિત્વનું રક્ષણ કોણ કરશે ? અને કદાચ તેનાથી પણ મોટો સવાલ : આપણે જાગીશું ત્યારે કયાંક એવું તો નહીં બને કે આપણી પરંપરાગત બજારો માત્ર જૂની તસવીરોમાં જ જોવા મળે ?



ડો. ભરત કાનાબાર
મો. ૯૪૨૬૯૧૪૬૭૭
૯૩૩૮૨૫૬૪૪૫

### બેસ્ટ દાંડિયા અને બેસ્ટ રાસના વિજેતાઓનું સન્માન સાથે

# બાબરાની પંચશીલ સ્કૂલમાં ભકિતભાવ અને ઉત્સાહભેર રાસ ગરબાનું આયોજન

## પરંપરાગત પોશાકમાં સજજ વિદ્યાર્થીઓએ રાસગરબાની રમઝટ બોલાવી

બાબરા, તા. ૧૯

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે બાબરાની પંચશીલ સ્કૂલ ખાતે ભક્તિભાવ અને ઉત્સાહભેર રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પરંપરાગત પોશાક ધારણ કરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રંગબેરંગી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ વિદ્યાર્થીઓએ મન મૂકીને રાસગરબા રમી નવરાત્રીના પર્વની અનોખી ઉજવણી કરી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કાર્યક્રમની શરૂઆત મા જગદંબાની સ્તુતિ અને આરતી સાથે કરવામાં આવી હતી. શાળાના સંચાલકશ્રી પ્રકાશભાઈ ગોલેતર દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી, જેમાં શાળાનો સમગ્ર સ્ટાફ પણ સહભાગી બન્યો હતો. માતાજીના જયઘોષ અને ભક્તિમય માહોલ વચ્ચે રાસગરબાના કાર્યક્રમનો પ્રારંભ થતાં સમગ્ર વાતાવરણ ભક્તિરસથી તરબોળ બન્યું હતું.

આ આયોજન દરમિયાન વિદ્યાર્થીઓમાં રહેલી કલા, પ્રતિભા અને ઉત્સાહને પ્રોત્સાહન આપવા માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બેસ્ટ દાંડિયા અને બેસ્ટ રાસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી સાથે પોતાની પ્રતિભા રજૂ કરવા માટે નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે શાળાના મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતરે તમામ વિદ્યાર્થીઓને નવરાત્રિ પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ આવા સાંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ કેળવવાની સાથે તેમનામાં રહેલી સુષુપ્ત પ્રતિભાને ઉજાગર કરવા માટે મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે તેવી ભાવના વ્યક્ત થઈ હતી.

આમ, પંચશીલ સ્કૂલ ખાતે યોજાયેલા રાસગરબાના આ કાર્યક્રમમાં ભક્તિ, સંસ્કૃતિ અને શિક્ષણનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ આનંદ અને ઉમંગ સાથેનવરાત્રીના પર્વની યાદગાર ઉજવણી કરી હતી.

# રાજુલાના ગાંધી મંદિર ખાતે બાલમંદિરના બાળકોને પ્રોત્સાહન અર્થે કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૧૯

રાજુલાના ગાંધી મંદિર ખાતે બાલમંદિરના બાળકોને પ્રોત્સાહન અર્થે કાર્યક્રમ યોજાયો.

રાજુલાના ગાંધી મંદીર ખાતે રાજુલા સેવા મંડળ મુંબઈ સંચાલિત બાલમંદિરના બાળકોને પ્રોત્સાહન આપવા અર્થે કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેના અધ્યક્ષ સ્થાને મુંબઈના ઉદ્યોગપતિ ધરમદાસ ભાઈ મહેતા, રાજુલાના ઉદ્યોગપતિ મનુભાઈ ધાખડા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનુ શાલ તથા પુષ્પગુચ્છથી સન્માન કરવામા આવ્યુ હતુ. આવકાર પ્રવચન પ્રવિણભાઈ જાની તથા પ્રાસંગિક પ્રવચન રાજુલાના કવિ શશિભાઈ રાજયગુરૂએ કર્યુ હતુ. કાર્યક્રમમા બાળ કોને ઠંડુ અમૂલ દુધ, અમૂલ ચોકલેટ તેમજ રોકડ રકમ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમમા રાજુલા નગર શ્રેષ્ઠીઓ રામકુભાઈ ધાખડા ભરતભાઈ સંઘવી, બિપીનભાઈ મહેતા વસુંધરા વાળા, વૈભવભાઈ સંઘવી, બિપીનભાઈ તણસા વાળા, મહેશભાઈ ચીતલીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બાલમંદિર સ્ટાફ વિભાબેન એસ. વાવડીયા, ભારતીબે એચ. મશરૂ તથા ભારતીબેન એમ. બારોટે સંકલન અને આયોજન કર્યુ હતુ.

# રાજુલાના મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની બ્રહ્મસમાજના આગેવાનોએ મુલાકાત લીધી



રાજુલા, તા. ૧૯

રાજુલા શહેર ખાતે રામ કૃષ્ણ ટ્રસ્ટ સંચાલિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની બ્રહ્મસમાજના અગ્રણીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. હોસ્પીટલનુ અધ્યતન બિલ્ડીંગ, બગીચાથી સુસજ્જ ગ્રાઉન્ડ તથા હોસ્પિટલમા પ્રવેશતાજ ધન્વન્તરિ ભગવાનનુ મંદિર ભાવવીભોર બનાવી દે તેવુ છે. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.કમલેશભાઈ જોષીનુ હોદ્દેદારો દ્વારા શાલ પુષ્પગુચ્છ થી ઉમળકા ભેર સન્માન કર્યુ હતુ. ડો. કમલેશભાઈ જોષી દ્વારા સમગ્ર હોસ્પીટલની વિગતો આપી હતી. તેમના જણાવ્યા પ્રમાણે સાંપ્રત સમયમા રાજુલા વિસ્તાર માટે આશિર્વાદ રૂપ આ હોસ્પિટલ ગણાવી હતી.૧૦૮ બેડની હોસ્પિટલમા આરોગ્ય વિષયક દરેક વિભાગો કાર્યરત થયેલા છે. દરરોજ પાંચસો કરતા વધારે ઓ.પી.ડી. તપાસવામા આવે છે. ને ડોકટર સહિત ૯૨ નો સ્ટફ ચોવીશ કલાક સેવા આપી રહ્યા છે. લેડીઝ તેમજ જેન્ટસના અલગ વોર્ડ તેમજ અધ્યતન લેબ. આશિર્વાદ રૂપ બની રહેલ છે. મેડીકલ ચેકઅપના આધુનિક વિદેશી ઉપકરણોથી દર્દી નારાયણની તપાસ કરવામા આવી રહી છે. હાર્ટ, કિડની, પેરાલિસીસ ફેફસાને લગતી મોંઘામા મોંઘી દવા પણ સ્ટોરમા ઉપલબ્ધ રાખીને દર્દીઓને આપવામા આવી રહી છે. દર્દીઓને તપાસ, દવા તેમજ દર્દી સહિત સાથેના સહાયક સંબંધીને જમવાનુ નિ:શુલ્ક આપવામા આવી રહેલ છે. સાથો સાથ એમ્બ્યુલન્સ સેવા ચોવીસ કલાક ઉપલબ્ધ રાખવામા આવેલ છે. બ્રમ્હ સમાજ અગ્રણીઓમા કર્મચારી મંડળના પ્રમુખ કીરીટભાઈ જાની, મહામંત્રી પ્રવિણભાઈ જાની, નાગરીક બેન્કના માજી મેનેજર મનસુખભાઈ જોષી.નગરપાલિકાના મા. કર્મચારી વિજયભાઈ જોષી તથા કવિ શશિભાઈ રાજયગુરૂએ હોસ્પિટલની દરેક વિભાગોની મુલાકાત લીધી હતી. જેમા હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.કમલેશભાઈ જોષીનો અથાંગ પરિશ્રમ જોવા મળ્યો હતો. કમલેશભાઈ સીમરીયા સમવાય બ્રહ્મસમાજના હોય તેમના માટે સમાજ ગૌરવની લાગણી અનુભવી રહ્યુ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરામાં અપુરતા વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં સૌની યોજનાનુ પાણી છોડવા માંગ ઉભી થઈ

## ખેતીપાકોને નુકસાનથી બચાવવા પાણીની આવશ્યકતા

બાબરા, તા. ૧૯

લાઠી–બાબરા–દામનગર વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જનક તળાવીયાએ બાબરાતાલુકામાં સોની યોજના હેઠળ પાણી છોડવા માટે રાજય સરકાર સમક્ષ મહત્વપૂર્ણ રજૂઆત કરી છે.

ધારાસભ્યએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલને પત્ર પાઠવી બાબરા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે જરૂરી પાણી ઉપલબ્ધ કરાવવા તાત્કાલિક નિર્ણય લેવા માંગ કરી છે. ધારાસભ્યએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, બાબરા તાલુકામાં તાજેતરમાં ઓછો વરસાદ પડવાના કારણે ખેતી તથા પાણીની ઉપલબ્ધતા પર સીધી અસર



પડી છે. વરસાદની અછતને કારણે ખેતરોમાં પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું નથી. પરિણામે પાકને નુકસાન થવાની સંભાવના વધી રહી છે અને ખેડૂતો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ખેડૂતો દ્વારા પાણીની અછત અંગે રજૂઆતો કરવામાં આવી રહી છે ત્યારે ધારાસભ્યએ ખેડૂતોની આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ સૌની યોજના હેઠળ બાબરા તાલુકાના સંબંધિત વિસ્તારોમાં વહેલી તકે પાણી છોડવામાં આવે તેવી રાજય સરકાર સમક્ષ ભારપૂર્વક માંગ કરી છે.

ધારાસભ્યએ જણાવ્યું છે કે, ખેડૂત માટે પાણી એટલે પાકનું જીવન અને પાક એટલે પરિવારની આર્થિક સુરક્ષા. હાલ વરસાદની અછતના સંજોગોમાં જો સમયસર સિંચાઈનું પાણી ઉપલબ્ધ થાય તો ખેડૂતોના ઉભા પાકને રાહત મળી શકે તેમ છે અને સંભવિત નુકસાનને પણ ટાળી શકાય છે. તેથી ખેડૂતોના હિતમાં સોની યોજના હેઠળ પાણી છોડવાનો નિર્ણય વહેલી તકે લેવામાં આવે તે અત્યંત જરૂરી છે.

# લાઠીના જરખીયા ગામે ગોબર અને ગૌમુત્રનો ઉપયોગ કરીને દીવડા અને કોડિયા બને છે













અમરેલી : પરંપરાગત ખેતીની સાથે આવકના નવા રસ્તા શોધવાની વાત આવે ત્યારે લાઠી તાલુકાના ઝરખીયા ગામના એક પ્રગતિશીલ ખેડૂત દંપતીએ અનોખી પહેલ કરી છે. આ દંપતી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની સાથે ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી વિવિધ ઉત્પાદનો તૈયાર કરીને તેનું વેચાણ કરે છે. ખાસ કરીને નવરાત્રિ અને દિવાળીના તહેવારો દરમિયાન ગાયના છાણમાંથી બનાવવામાં આવતા આકર્ષક ડિઝાઈનવાળા દીવડા અને કોડિયાં લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. તેમની આગવી કારીગરીના કારણે ગ્રાહકો અગાઉથી ઓર્ડર આપીને દીવડા અને કોડિયાં ખરીદી રહ્યા છે. લાઠી તાલુકાના ઝરખીયા ગામના ખેડૂત ભરતભાઈ ચોવટીયા વર્ષ ૨૦૧૮થી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ખેતીમાં ગાયનું મહત્વ સમજીને તેમણે ચારથી વધુ ગાયો રાખી છે. ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને વિવિધ ઉત્પાદનો તૈયાર કરવાની શરૂઆત કરી હતી. સમય જતાં આ કાર્ય તેમની આવકનો વધારાનો સ્ત્રોત બન્યું છે. નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોમાં દીવડા અને કોડિયાંની માંગ વધતી હોય છે. આ માંગને ધ્યાનમાં રાખીને ભરતભાઈ ચોવટીયા અને તેમનાં પત્ની ગાયના છાણમાંથી અલગ અલગ ડિઝાઈન અને પેટર્નવાળા દીવડા તથા કોડિયાં તૈયાર કરે છે. સામાન્ય માટીના દીવડાથી અલગ દેખાતા આ દીવડાઓને આકર્ષક બનાવવા માટે તેઓ તેમાં વિવિધ રંગોનો ઉપયોગ કરે છે. ખાસ વાત એ છે કે દીવડા અને કોડિયાંને રંગવા માટેના રંગ પણ તેઓ પોતાની રીતે તૈયાર કરે છે. ત્યારબાદ દીવડાઓને સુંદર ડિઝાઈન આપીને વેચાણ માટે તૈયાર કરવામાં આવે છે. પરંપરાગત તહેવારોમાં પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરવા ઈચ્છતા લોકો માટે આ ઉત્પાદનો એક અલગ વિકલ્પ બની રહ્યાં છે. ખેડૂત ભરતભાઈ ચોવટીયાના જણાવ્યા અનુસાર, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની સાથે ગાયના છાણ અને ગેમૂત્રમાંથી બનાવવામાં આવતા વિવિધ ઉત્પાદનોના વેચાણથી તેઓ મહિને અંદાજે ૩૦થી ૪૦ હજાર રૂપિયાની આવક મેળવે છે. આમ, ખેતીની સાથે પશુપાલન અને ગાય આધારિત ઉત્પાદનો તૈયાર કરવાના વ્યવસાયથી પરિવારને વધારાની આવક મળી રહી છે. ઝરખીયા ગામના આ દંપતી દ્વારા તૈયાર કરવામાં આવતા દીવડા અને કોડિયાંની માંગ માત્ર અમરેલી જિલ્લા પૂરતી મર્યાદિત નથી. અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મહાનગરોમાંથી પણ તેમના ઉત્પાદનો માટે ઓર્ડર મળી રહ્યા હોવાનું જણાવાયું છે. તહેવારો દરમિયાન માંગ વધતી હોવાથી ગ્રાહકો અગાઉથી ઓર્ડર આપીને ખરીદી કરવાનુંપસંદ કરે છે. આમ, ઝરખીયા ગામના ભરતભાઈ ચોવટીયા અને તેમનાં પત્નીએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની સાથે પરંપરાગત તહેવારોને અનુરૂપ ઉત્પાદનો તૈયાર કરીને આવકનો નવો માર્ગ ઊભો કર્યો છે. તેમનો આ પ્રયાસ ખેતીની સાથે પશુપાલન અને ગાયના છાણ–ગૌમૂત્રના ઉપયોગ દ્વારા વધારાની આવક મેળવવા ઈચ્છતા ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

### ગીર કાંઠાનાં વિસ્તારમાં આવેલ

# ધારીનાં ગીગાસણ ગામે ૧૫ ફુટનો મહાકાય અજગર કુવામાં ખાબકયો

## સેવાભાવી રમેશ કાતરીયાએ અજગરને સુરક્ષિત કર્યો



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગીગાસણ ગામે ૧૫ ફૂટનો મહાકાય અજગર કૂવામાં ખાબકતાં ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ હતી. કૂવામાં પડેલા અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સેવાભાવી રમેશ કાતરીયાએ જીવના જોખમે ક્રેનની મદદથી કૂવામાં ઉતરીને અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગીગાસણ ગામે આવેલા એક કૂવામાં મહાકાય અજગર ખાબકી ગયો હતો. આ અંગે જાણ થતાં અજગરને બચાવવા માટે રેસ્કયૂની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અજગરની લંબાઈ આશરે ૧૫ ફૂટ જેટલી હોવાથી તેને કૂવામાંથીબહાર કાઢવો પડકારજનક હતો. આ દરમિયાન સેવાભાવી રમેશ કાતરીયાએ ક્રેનની મદદથી કૂવામાં ઉતરીને અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. અંદાજે બે કલાકની ભારે જહેમત બાદ રેસ્કયૂ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

૧૫ ફૂટના મહાકાય અજગરને કોઈ ઈજા પહોંચાડયા વિના સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ અજગરને તેના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર રેસ્કયૂ ઓપરેશન દરમિયાન જીવદયા અને વન્યજીવો પ્રત્યેની સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. સેવાભાવી રમેશ કાતરીયાની કામગીરીની સ્થાનિક સ્તરે પ્રશંસા થઈ રહી છે. વન્યજીવોને નુકસાન પહોંચાડવાને બદલે તેમને સુરક્ષિત રીતે બચાવીને કુદરતના ખોળે મુક્ત કરવાની આ કામગીરી સરાહનીય બની છે.

### સરકાર ગરીબોને મફત અનાજ ફાળવે તેનો લાભ લે છે અમુક વ્યક્તિઓ

# વડિયા પંથકમાંથી ગરીબોનાં હક્ક અને હિસ્સાનાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપી લેવાયો

## ઈન્ચાર્જ મામલતદારે અનાજનો જથ્થો, રિક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો



અમરેલી, તા. ૧૯

વડિયા પંથકમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને વિતરણ માટેના સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થાનો વધુ એક વખત પર્દાફાશ થયો છે. વડિયાના ઈન્ચાર્જ મામલતદારે કાર્યવાહી હાથ ધરીને ચોખા સહિત રેશનિંગના અનાજનો જથ્થો ઝડપી પાડયો હતો. અનાજની સાથે વજનકાંટો અને રિક્ષા સહિત કુલ રૂા. ૫૮ હજારનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો મુજબ, વડિયા વિસ્તારમાં સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થા અંગેની કાર્યવાહી દરમિયાન મામલતદાર દ્વારા અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ૧૪૧ કિલોગ્રામ ચોખા સહિત ઘઉં–ચોખાનો જથ્થો મળી આવ્યો હતો. રેશનિંગના અનાજના જથ્થા સાથે વજનકાંટો અને રિક્ષા પણ કબ્જે કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યવાહીમાં કુલ રૂા. ૫૮ હજારનો મુદ્દામાલ સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જપ્ત કરાયેલ અનાજનો જથ્થો સીઝ કર્યા બાદ રિક્ષા વડિયા પોલીસને સોંપવામાં આવી હતી.

વડિયામાં સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થા સામે ફરી કાર્યવાહી થતાં રેશનિંગના અનાજના ગેરકાયદેસર વહન અને વ્યવહાર અંગે સવાલો ઊભા થયા છે. ગરીબ પરિવારો સુધી પહોંચવાનું અનાજ અન્યત્ર વાળવામાં આવતું હોય તો તેની સામે કડક કાર્યવાહી થાય અને સરકારી વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે જરૂરી છે.

# અમરેલી : વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દુર્ગાષ્ટમી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૯

દુર્ગાષ્ટમીના પાવન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા લીમડા વાળા પીર, જેસીંગપરા, કુકાવાવ રોડ ખાતે માતા દુર્ગાની આરાધના અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના સત્સંગ પ્રમુખ રમીલાબેન પટોળિયા દ્વારા કરવામાં આવ્યું હતું. શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું તેમજ બ્રહ્માકુમારીમાંથી પધારેલ દીદી દ્વારા નવરાત્રી અને તેનો મહિમા વિશે પણ પ્રવચન આપવામાં આવેલ હતું. ત્યાર બાદ શસ્ત્ર પૂજન કરવામાં આવેલ.

આ પ્રસંગે પરિષદના ભાઈઓ અને બહેનોને માતા દુર્ગાની આરાધના તથા દર્શન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સહમંત્રી રશ્મિનભાઈત્રિવેદી, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, જયશ્રીબેન સાવલિયા નગર મંત્રી પંકજભાઈ કાનાણી, દેવભાઈ મકવાણા, સાગરભાઈ રાઠોડ, મયુરભાઈ સોલંકી, માતૃશક્તિ સહ સંયોજિકા પૂર્વીબેન ગોહિલ, સત્સંગ સંયોજિકા જયશ્રીબેન ધાનાણી, મંજુબેન મકવાણા અને વિશાખાબેન મકવાણા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન માતા દુર્ગાની ભક્તિ,ધાર્મિક સંસ્કારો તેમજ હિન્દુ સમાજમાં એકતા અને સંગઠનની ભાવના મજબૂત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ – અમરેલી

### તહેવારોનાં સમયે જનઆરોગ્ય સાથે ચેડા ન થાય તે માટે

# સાવરકુંડલામાં ભેળસેળયુક્ત મીઠાઈઓ અને ફરસાણનું ચેકિંગ કરવું જરૂરી

## ફુડ વિભાગ દ્વારા ચાંપતી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ

સાવરકુંડલા, તા. ૧૯

તહેવારોની મોસમ શરૂ થતાં જ બજારોમાં ગળપણ અને ફરસાણની માંગમાં ભારે વધારો જોવા મળે છે, ત્યારે સાવરકુંડલા ખાતે લોકઆરોગ્યસાથે થઈ રહેલા ખીલવાડ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં સસ્તા ભાવની અને ભેળસેળ યુક્ત મીઠાઈઓનું વેચાણ થવાની શકયતા હોય તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કડક ચેકિંગ અને દરોડા પાડવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

જિલ્લા કક્ષાએ પૂરતા પ્રમાણમાં ફૂડ ઈન્સ્પેકટરો કે સેફટી ઓફિસરો ન હોવાના કારણે આવા ભેળસેળ કરનાર તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. શાકભાજીમાં હાનિકારક પેસ્ટીસાઈડનું પ્રમાણ હોય કે પછી મરી–મસાલા, મીઠાઈઓ અને ફરસાણમાં થતી ભેળસેળ, આ તમામ બાબતો સીધી જ સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરી રહી છે.

લોકઆરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકારે યુદ્ધના ધોરણે કડક પગલાં ભરીને ત્વરિત લેબોરેટરી પરીક્ષણ અને કડક દંડની જોગવાઈ કરવી અત્યંત આવશ્યક બની ગઈ છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર સમક્ષ નીચે મુજબની ખાસ માંગણીઓ રજૂ કરવામાં આવી છે, શહેરની તમામ મીઠાઈની દુકાનો, ફરસાણ ગૃહ અને ગોડાઉનો પર ફૂડ સેફટી ઓફિસર દ્વારા અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવે અને ગુણવત્તા ચકાસવા માટે લેબોરેટરી ટેસ્ટિંગ માટે સેમ્પલ લેવામાં આવે.

કોઈપણ જાતના લાયસન્સ વગર, અસ્વચ્છતા અને ગંદકી વચ્ચે ધમધમતા તેમજ અખાદ્ય ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરતી ફેકટરીઓ અને એકમો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવે.

તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટ દ્વારા તાત્કાલિક ધોરણે સઘન પેટ્રોલીંગ અને નિરીક્ષણ માટે એક ખાસ સ્ક્વોડ બનાવવામાં આવે. તહેવારોના સમયમાં નાગરિકોનું સ્વાસ્થ્ય જોખમાય નહીં અને તંત્ર દ્વારા અગાઉથી જ સઘન પગલાં લેવાય તેવી લોકમાં સૂર ઉઠી રહ્યો છે. ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા પણ આ સંદર્ભ લોક જાગૃતિ લાવવા માટે સતત અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. લોકોમાં જાગૃતિ કેળવાય તો પણ ઘણે અંશે ભેળસેળ અને હલકી ગુણવત્તા ધરાવતી ખાદ્યપદાર્થ પર અંકુશ આવી શકે તેમ છે.

### સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં

# કોટડા પીઠા ગામે ગુજરાતી ફિલ્મ 'વિજુડી'નું શૂટિંગ મુહૂર્ત યોજાયું

## કલાકારો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં રહ્યા ઉપસ્થિત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના કોટડા પીઠા ગામે પ્રમુખ ફિલ્મ મેકર્સ પ્રોડકશન દ્વારા નિર્માણ પામી રહેલી ગુજરાતી ફિલ્મ 'વિજુડી'ના શૂટિંગનું મુહૂર્ત યોજાયું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ફિલ્મના શૂટિંગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.ગુજરાતી ફિલ્મ જગતમાં નવીન સર્જનાત્મક કૃતિઓના નિર્માણના ભાગરૂપે તૈયાર થઈ રહેલી 'વિજુડી' ફિલ્મના શૂટિંગના પ્રારંભ પ્રસંગે ફિલ્મના પ્રોડયુસર પરેશભાઈ દોમડીયા સહિત ફિલ્મના હીરો, હિરોઈન અને વિજુડી સહિતના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે જી. જિલ્લા ભાજપના દીપકભાઈ વઘાસિયા, બાબરા તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાંણી, જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, જિલ્લા પંચાયતના સભ્ય હિતેશભાઈ કલકાણી, બાબરા યાર્ડના ડિરેકટર મહેશભાઈ ભાયાણી, તાલુકા પંચાયત સભ્ય ભરતભાઈ બુટાણી, કોટડા પીઠા ગામના સરપંચ તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફિલ્મની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

કોટડા પીઠા ગામે ફિલ્મના શૂટિંગના મુહૂર્ત પ્રસંગે ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ફિલ્મના કલાકારો અને નિર્માણ ટીમની ઉપસ્થિતિથી ગામમાં વિશેષ આકર્ષણ જમાયું હતું. સ્થાનિક કક્ષાએ ફિલ્મના શૂટિંગનું આયોજન થવાથી ગ્રામજનોમાં પણ આનંદની લાગણી પ્રસરી હતી.આ રીતે બાબરા તાલુકાના કોટડા પીઠા ગામે ગુજરાતી ફિલ્મ 'વિજુડી'ના શૂટિંગના પ્રારંભ સાથે સ્થાનિક સ્તરે ફિલ્મ નિર્માણની પ્રવૃત્તિને નવી ઓળખ મળી છે. ફિલ્મ સફળતાનાં શિખરો સર કરે તેવી ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ શુભકામનાઓ પાઠવી હતી.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૪, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧



















### ટીમ ઈન્ડિયાને મળ્યા નવા ચીફ સિલેક્ટર

# BCCIએ પ્રજ્ઞાન ઓઝાને ભારતીય ટીમના ચીફ સિલેક્ટર બનાવ્યા

**અજિત અગરકરનો કાર્યકાળ ખતમ થયા બાદ હવે સિલેક્શન કમિટિની કમાન પ્રજ્ઞાન ઓઝાના હાથમાં સોંપાઈ : રમેશ પોવારને પણ સમિતિમાં સામેલ કરાયા**

નવી દિલ્હી, તા.૧૯

ક્રિકેટની રમતને લઈ હાલમાં એક મોટા અને ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાને પોતાના નવા ચીફ સિલેક્ટર મળી ગયા છે, અને અજિત અગરકરનો કાર્યકાળ ખતમ થયા બાદ હવે સિલેક્શન કમિટિની કમાન પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાના હાથમાં સોંપી દીધી છે. અજિત અગરકરની આગેવાનીમાં ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં ત્રણ આઈસીસી ટ્રોફી અને કેટલાય મોટા ખિતાબ પોતાના નામે કર્યા છે, પણ હવે બીસીસીઆઈએ એક નવો દાવ રમતા પૂર્વ સ્પિનર રમેશ પવારને પુરુષ સિલેકશન કમિટિના નવા સભ્ય નિયુક્ત કર્યા છે. રમેશ પોવાર પાસે કોચિંગનો લાંબો અને શાનદાર અનુભવ રહ્યો છે, જેમા તેમણે મહિલા ટીમને એશિયા કપ અને કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતાડ્યો છે. હવે જોવાનું એ છે કે સીનિયોરિટીના આધાર પર કમિટીની અધ્યક્ષતા સંભાળી રહેલા પ્રજ્ઞાન ઓઝા અને રમેશ પવારની આ નવી જોડી ટીમ ઈન્ડિયાના ભવિષ્ય માટે કેવા ધમાકેદાર નિર્ણયો લે છે.

બીસીસીઆઈએ સિનિયોરિટીના આધાર પર પ્રજ્ઞાન ઓઝાને પુરુષ સિલેક્શન કમિટીના અધ્યક્ષ બનાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સૌથી વધારે ટેસ્ટ મેચ રમવાના માપદંડના આધાર પર લેવાયો છે. પુરુષ સિલેક્શન કમિટી કંઈક આ પ્રકારની હશે. પ્રજ્ઞાન ઓઝા, શિવ સુંદર દાસ, આરપી સિંહ, અજય રાત્રા, રમેશ પવાર, નવી સમિતિ સામે ભારતીય ક્રિકેટ માટે મજબૂત ટીમ સિલેક્શન અને ભવિષ્યના પડકારોને ધ્યાનમાં રાખતા ખેલાડીઓને મોકો આપવાની મહત્ત્વની જવાબદારી રહેશે.

રમેશ પોવાર ભારત તરફથી ૨ ટેસ્ટ અને ૩૧ વન ડે ઈન્ટરનેશનલ મેચ રમી ચુક્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથે જોડાયા બાદ તેમણે કોચિંગના ક્ષેત્રમાં મહત્ત્વની જવાબદારી નિભાવી છે. તેઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મુખ્ય કોચ રહેવા ઉપરાંત મુંબઈ અને ગુજરાતની ટીમો માટે મુખ્ય કોચ રહી ચુક્યા છે. તેની સાથે જ તેમણે બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સિલેન્સમાં બોલિંગ કોચની ભૂમિકા પણ નિભાવી છે.

ભારતીય મહિલા ટીમના મુખ્ય કોચ તરીકે પોવારનો કાર્યકાળ ઉપલબ્ધિઓથી ભરેલો છે. તેમના માર્ગદર્શનમાં ભારતીય મહિલા ટીમે એશિયા કપનો ખિતાબ જીત્યો અને કોમનવેલ્થ ગેમ્સમાં રજત પદક પ્રાપ્ત કર્યો. હવે પુરુષ સિલેક્શન કમિટીમાં તેમની નિયુક્ત બાદ ભારતીય ક્રિકેટના સિલેકશન સંબંધિત નિર્ણયમાં તેમના અનુભવનો લાભ મળવાની આશા છે.

પુરુષ પસંદગી સમિતિ
પ્રજ્ઞાન ઓઝા (અધ્યક્ષ)
શિવ સુંદર દાસ
આર. પી. સિંહ
અજય રાત્રા
રમેશ પોવાર

### મોના અગ્રવાલે રચ્યો ઇતિહાસ

# એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભારતને મળ્યો પહેલો ગોલ્ડ

**એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં મોના અગ્રવાલે ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો : શૂટિંગમાં મેડલ જીત્યો છે**

નવી દિલ્હી, તા.૧૯

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં મોના અગ્રવાલે જબરદસ્ત વાપસી કરતા ગોલ્ડ મેડલ જીત્યો. મોનાએ ફાઈનલમાં ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો. ભારતીય શૂટર મોના અગ્રવાલ અને અવની લેખરાએ પેરા એશિયન ગેમ્સમાં ભારતને પહેલા દિવસે સોમવારે ૨ મેડલ અપાવ્યા. ઈ૨ વિમેન્સ ૧૦ મીટર રાઈફલ શૂટિંગની SH1 કેટેગરીમાં મોનાએ ગોલ્ડ અને અવનીએ સિલ્વર જીત્યો. SH1 કેટેગરીમાં શરીરના નીચેના અંગોમાં દિવ્યાંગતા ધરાવતા શૂટર્સ ભાગ લે છે.આ પહેલા મોના અગ્રવાલ ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ ટોપ પર રહી હતી. તેણે ક્વોલિફિકેશનમાં ૬૨૯.૧ નો સ્કોર કરીને એશિયન પેરા ગેમ્સ રેકોર્ડ બનાવી દીધો હતો. ત્યાં જ ક્વોલિફિકેશનમાં અવની લેખરા બીજા સ્થાને રહી હતી. ભારતીય શૂટર્સે ક્વોલિફિકેશનવાળું પ્રદર્શન ફાઈનલમાં પણ દોહરાવ્યું અને ગોલ્ડની સાથે સાથે સિલ્વર મેડલ પણ પોતાના નામે કર્યો.મોના અગ્રવાલ માટે આ ગોલ્ડ મેડલ ઐતિહાસિક છે, કારણ કે સ્ટેજ ૨ સીરીઝ ૨ પછી તે પાંચમા સ્થાને ચાલી રહી હતી. ત્યાં જ અવની લેખરા શરૂઆતથી જ સરસ લયમાં ચાલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક શૂટ્સમાં મોના અગ્રવાલે અવિશ્વસનીય પ્રદર્શન કરતા ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીતી લીધો. મોના અને અવની, બંનેએ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કરી લીધું છે.એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવનારી મોના અગ્રવાલનો જન્મ રાજસ્થાનના સીકરમાં થયો હતો. તેમને માત્ર ૯ મહિનાની ઉંમરે પોલિયોએ પોતાની ચપેટમાં લઈ લીધા હતા. આણે તેમના બંને પગ પર અસર કરી હતી. પેરા શૂટિંગમાં આવ્યા પહેલા મોનાએ પેરા એથ્લેટિક્સ, પેરા પાવરલિફ્ટિંગ અને વિમેન્સ સિટિંગ વોલીબોલમાં પણ હાથ અજમાવ્યા હતા. મોના અગ્રવાલ ૨૦૨૪ પેરાલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલિસ્ટ રહી હતી અને આ જ વર્ષે પેરા શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને આવી છે. બીજી તરફ અવની લેખરા ૨૦૨૦ ટોક્યો અને ૨૦૨૪ પેરિસ પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલિસ્ટ રહી હતી. ઓલિમ્પિક ચેમ્પિયન અવનીને આ વખતે પોતાની જ દેશની શૂટરના હાથે હાર સહન કરવી પડી.

### કહ્યું- ભાજપમાં અપમાન થયું

# બોલિવૂડના જાણીતા સિંગરના પિતા કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

**બીજેપીને અલવિદા કહ્યા બાદ ગાયક જુબિન નૌટિયાલના પિતા રામ શરણ નૌટિયાલ કોંગ્રેસમાં સામેલ થયા**

દહેરાદૂન, તા.૧૯

દહેરાદૂન જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ અને ગાયક જુબિન નૌટિયાલના પિતા રામ શરણ નૌટિયાલ આજે સોમવારે (૧૯ ઓક્ટોબર) કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ગયા. થોડા દિવસો પહેલા જ તેમણે ભારતીય જનતા પાર્ટી (BJP) માંથી રાજીનામું આપી દીધું હતું, ત્યારપછીથી જ તેમની આગળની રાજકીય ઈનિંગને લઈને અટકળો લગાવવામાં આવી રહી હતી અને આજે તેમણે કોંગ્રેસ પાર્ટીનો હાથ પકડીને પોતાનો આગળનો રસ્તો સાફ કરી દીધો છે.રામશરણ નૌટિયાલે સોમવારે ૧૨ વાગ્યે છૈંઝઝ ના નેશનલ સેક્રેટરી કુમારી શેલજા, ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલ અને નેતા વિપક્ષ યશપાલ આર્યની હાજરીમાં કોંગ્રેસ પાર્ટી જોઈન કરી. રામશરણ નૌટિયાલે કોંગ્રેસ પાર્ટીથી જ પોતાની રાજકીય સફરની શરૂઆત કરી હતી, જેના પછી તેઓ ઉત્તરાખંડ કોંગ્રેસના ઉપાધ્યક્ષ પણ રહ્યા હતા.વર્ષ ૨૦૧૪ માં રામશરણ નૌટિયાલ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. જેના પછી ૨૦૨૨ ની ચૂંટણીમાં બીજેપીએ ચકરાતા સીટ પરથી ટિકિટ આપી પરંતુ, તેઓ બીજા સ્થાને રહ્યા. આ સીટ પર તેમનો સારો પ્રભાવ માનવામાં આવે છે.કોંગ્રેસમાં સામેલ થયા પછી રામશરણ નૌટિયાલે કહ્યું કે પાર્ટી મારા વિશે શું વિચારે છે હું તેના વિશે કંઈ કહી શકતો નથી. મેં પાર્ટી માટે એ વિચાર્યું કે હું પાર્ટી જોઈન કરું અને કોંગ્રેસ માટે કામ કરું. ન તો મેં કોઈ કમિટમેન્ટ લીધું છે. મેં કમિટમેન્ટ આપ્યું છે કે હું પૂરી રીતે પાર્ટી માટે કામ કરીશ.રામશરણ નૌટિયાલના કોંગ્રેસ જોઈન કરવા પર કુમારી શેલજાએ તેમનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે આજનો દિવસ જેમનું દિલ સાફ છે, તેમના મનમાં પીડા થાય છે. નૌટિયાલજી કોંગ્રેસમાં ઉપાધ્યક્ષ અને મહાસચિવ રહી ચૂક્યા છે. પાછળથી તેમણે કોઈ પણ કારણોસર કોંગ્રેસ છોડી પરંતુ, જ્યારે ત્યાંની કાર્યશૈલી જોઈ તો તેમને પાછા કોંગ્રેસમાં આવવાનું મન થયું. કુમારી શેલજાએ કહ્યું કે આ મન મારીને બીજેપી ગયા હતા. હવે આ રાહુલ ગાંધીજીને જોઈને કોંગ્રેસ જોઈન કરી રહ્યા છે. તેમને BJP માં ગૂંગળામણ અનુભવાઈ, ત્યાંનો માહોલ અને કામથી એમનું મન ખિન્ન થઈ ગયું હતું. ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલે કહ્યું કે આજે એક મહત્વપૂર્ણ સાથી કોંગ્રેસ પાર્ટી સાથે આવ્યા છે. અમે તેમનું સ્વાગત કરીએ છીએ. એમનો પ્રભાવ માત્ર દહેરાદૂનમાં જ નહીં પરંતુ પૂરા પ્રદેશમાં ઘણો છે. તેમના આવવાથી કોંગ્રેસ પાર્ટી વધુ મજબૂત થશે.

### સુપ્રીમ કોર્ટે CM થલપતિ વિજયને સંભળાવી દીધું

# સરકાર મંદિરની મિલકતોની સંરક્ષક છે, માલિક નથી

**સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને પલટાવી, સરકારને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો**

મદ્રાસ, તા.૧૯

મદ્રાસ હાઈકોર્ટના એક મહત્ત્વપૂર્ણ ચૂકાદાને પલટી નાખતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું છે કે રાજ્ય સરકાર મંદિરની સંપત્તિઓની માત્ર સંરક્ષક અને નિયામક (કસ્ટોડિયન) છે, તેની માલિક નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે કોઈ પણ ટ્રસ્ટી પાસેથી રાજ્ય સરકાર આવી સંપત્તિ ભેટ (ગિફ્ટ) સ્વરૂપે સ્વીકારી શકે નહીં, ભલે તે ટ્રાન્સફર સાર્વજનિક હેતુ કે જાહેર હિત માટે જ કેમ ન કરવામાં આવી હોય.
જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે તમિલનાડુ સરકારને આકરા શબ્દોમાં ફટકાર લગાવતા ગિફ્ટ ડીડને અમાન્ય જાહેર કરી દીધી છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે તમિલનાડુના ઈરોડ જિલ્લામાં આવેલા નાગપાલયમ મરિયમ્મન-પોન્નાચિયમ્મન મંદિરના એક અસ્થાઈ ટ્રસ્ટીએ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ગિફ્ટ ડીડ દ્વારા મંદિરની ૧ એકર અને ૧૦ સેન્ટ જમીન તાલુક કાર્યાલય બનાવવા માટે રાજ્ય સરકારને સોંપી દીધી હતી. આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જોકે, માર્ચ ૨૦૧૯માં મદ્રાસ હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી અને ટ્રાન્સફરને યોગ્ય ઠેરવી હતી. આ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં સવાલ હેઠળ લાવવામાં આવ્યો હતો.
સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું કે આ ભેટ તમિલનાડુ હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોવમેન્ટ્સ (HR&CE) એક્ટ, ૧૯૫૯ની કલમ ૪૧નું સીધું ઉલ્લંઘન કરે છે. આ કલમ ધાર્મિક સંસ્થાના નિભાવ કે જાળવણી માટે આપેલી ઈનામ (દાનમાં આપેલી) જમીનને ગિફ્ટ તરીકે આપવા પર સ્પષ્ટ મનાઈ ફરમાવે છે. કોર્ટે ઉમેર્યું કે મહેસૂલ વિભાગના કોઈ અધિકારી દ્વારા મંદિરની જમીન ભેટ તરીકે સ્વીકારવી, ભલે તેનો હેતુ ગમે તેટલો નેક કે જાહેર હિતનો હોય, પણ તે કાયદાના મૂળ ઉદ્દેશ્યથી વિપરિત છે.

ચુકાદો આપતાં બેન્ચે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ દેવતાને સમર્પિત સંપત્તિ હવે દાન આપનારની રહેતી નથી, પરંતુ તે દેવતા અને તે ભક્તોના સમુદાયની બની જાય છે. મંદિરની સંપત્તિ દેવતા માટે હોય છે, ટ્રસ્ટીના પદ પર બેઠેલી વ્યક્તિ દ્વારા મનસ્વી રીતે વહેંચવા માટે નહીં—પછી ભલે તેનો ઈરાદો ગમે તેટલો સારો કેમ ન હોય. ટ્રસ્ટીઓએ ધાર્મિક સંસ્થાઓ અને તેમની સંપત્તિનું સંચાલન એટલી જ કાળજીથી કરવું જોઈએ જેટલું કોઈ સમજદાર વ્યક્તિ પોતાના અંગત વ્યવહારોનું કરે છે.

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના વલણની આકરી ટીકા કરી હતી, કેમ કે ચાર વર્ષથી વધુ સમય સુધી મંદિરની સંપત્તિને સરકારી સંપત્તિ ગણીને તેની પર બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હતું.

કોર્ટે આ જમીન માટે ૮ માર્ચ, ૨૦૧૯થી અત્યાર સુધીનું માસિક રૂ. ૩૧,૦૦૦ લેખે ભાડું અને બાકી નીકળતી તમામ રકમ ૩ મહિનાની અંદર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત રાજ્ય સરકાર પર રૂ. ૧ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે, જે રકમ મંદિરને સોંપવામાં આવશે. તાલુક કાર્યાલયનું બાંધકામ જાહેર નાણાંથી થઈ ચૂક્યું હોવાથી લીઝ રદ કરવામાં આવી નથી, પરંતુ દર ૩ વર્ષે ભાડાની સમીક્ષા કરવાનો આદેશ અપાયો છે.

### સાઉદી અરબમાં હુથીઓના હુમલા વધ્યા

# સાઉદી ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઘરની બહાર ન નીકળવા કહ્યું

**જ્યાં સુધી જોખમ ઓછું ન થાય ત્યાં સુધી લોકો પોતાના ઘરમાં રહે અને ખુલ્લી જગ્યાએ ઊભા રહેવાનું ટાળવા જણાવાયું**

નવી દિલ્હી, તા.૧૯

છેલ્લા ઘણા સમયથી સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના હુમલાને લઈને રિયાદમાં ભારતીય દુતાવાસ તરફથી ભારતીય નાગરિકોને સુરક્ષિત સ્થાને રહેવા અપીલ કરી છે. ભારતીય દૂતાવાસ તરફથી સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકોને કહેવામાં આવ્યું છે કે વિદ્રોહીઓના હુમલા પછી સુરક્ષાને ધ્યાનમાં રાખીને જે ઈમર્જન્સી સુરક્ષા નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે તેનું પાલન કરવામાં આવે. જ્યાં સુધી જોખમ ઓછું ન થાય ત્યાં સુધી લોકો પોતાના ઘરમાં રહે અને જાહેર કે ખુલ્લી જગ્યાએ ઊભા રહેવાનું પણ ટાળે.ભારતીય દૂતાવાસ તરફથી જે અપીલ જાહેર કરવામાં આવી છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. આ સ્થિતિમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. ભારતીય દુતાવાસ તરફથી લોકોને કહેવામાં આવ્યું છે કે લોકો ખુલ્લી જગ્યાઓએ જવાનું ટાળે અને ઘરની સુરક્ષિત જગ્યાએ રહે. સંકટ ઓછું ન થાય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળે. દૂતાવાસ તરફથી ખાસ એ વાત કહેવામાં આવી છે કે લોકો પોતાના ઘરની અગાસી, બાલકની, બારીઓથી પણ દૂર રહે. ઘરની અંદરના ભાગમાં સુરક્ષિત જગ્યા હોય તે જગ્યાએ રહેવું વિતાવહ છે. ભારતીય દુતાવાસ તરફથી જાહેર કરેલા નિર્દેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે લોકો ભીડથી દૂર રહે અને જે જગ્યાએ જોખમ વધારે છે તેવી જગ્યાએ જવાનું ટાળે. આ સિવાય એવો આગ્રહ પણ કરવામાં આવ્યો છે કે હુમલાને લઈને તસવીરો કે વિડીયો સોશિયલ મીડિયા પર શેર ન કરવામાં આવે.સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકો માટે ભારતીય દુતાવાસે જે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કાર ચલાવતી વખતે જો એલર્ટ મળે તો કારને પુલ કે ઊંચી ઈમારતથી દૂર સેફ જગ્યાએ ઊભી રાખી દેવી. આ એડવાઈઝરી સાથે લોકો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે જોખમની સ્થિતિ હોય ત્યારે લોકો હેલ્પલાઈન નંબર પર કોલ કરીને મદદ માગી શકે છે.ઉલ્લેખનીય છે કે ૧૦ ઓક્ટોબરથી હુથીઓના હુમલા વધી ગયા છે.. ૧૦ ઓક્ટોબરે સૌથી પહેલા રિયાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાર પછી હુથીઓ દ્વારા સાઉદી અરબ ઉપર ડ્રોન અને મિસાઈલ હુમલા કરવામાં આવી રહ્યા છે જેના કારણે ભારતીયોની સુરક્ષાને લઈને પણ ચિંતા વધી છે. ભારતીયોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દૂતાવાસ તરફથી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.એડવાઈઝરીમાં લોકોને કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી નિર્દોષોનું પાલન કરવામાં આવે. ડ્રોન અને હવાઈ હુમલાથી બચવા માટે ઘરની અંદર રહે અને ખુલ્લી જગ્યા પર એકઠા ન થાય. આ સિવાય કોઈપણ ઘટના સંબંધિત ફોટો કે વિડિયો શૂટ કરીને તેને પબ્લિશ કરવાનું પણ ટાળવાનું કહેવામાં આવ્યું છે.

### ટાઇગર પર હુમલા બાદ સલમાન ખાનને ધમકી

# લોરેન્સ બિશ્નોઈની માફી માંગ, નહીંતર કોઈ નહીં બચે

**ટાઇગર શ્રોફની કાર પર ૭ રાઉન્ડ ફાયરિંગની ઘટનામાં અનિલ પંડિતે ઓડિયો ક્લિપ જાહેર કરી સલમાન ખાનને ધમકી આપી છે**

નવી દિલ્હી, તા.૧૯

અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગની જવાબદારી સ્વીકારનારા અનિલ પંડિતની એક ઓડિયો ક્લિપ સામે આવી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા શેર કરવામાં આવેલા આ ઓડિયોમાં અનિલ પંડિતે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને સીધી ધમકી આપી છે અને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તેમજ બિશ્નોઈ સમાજની માફી માંગવા કહ્યું છે.

વાઈરલ થયેલા ઓડિયોમાં અનિલ પંડિતે કહ્યું છે કે, સલમાન ખાન, ધ્યાનથી સાંભળી લે. જો તું મારા મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈ અને બિશ્નોઈ સમાજની માફી નહીં માંગે, તો અમે તારા ઘરમાં એક કૂતરાને પણ નહીં છોડીએ. અમે તારા સમગ્ર પરિવારને બરબાદ કરી દઈશું. એવું ન વિચારતો કે તું સુરક્ષામાં છે એટલે તારું કંઈ નહીં થાય.મુંબઈના જુહૂ વિસ્તારમાં આવેલી પુષ્પા નરસી પાર્ક (જામનાબાઈ નર્સરી) પાસે રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે આ ઘટના બની હતી. ટાઈગર શ્રોફ બહાર નીકળી રહ્યો હતો ત્યારે બાઈક પર આવેલા ૩ હુમલાખોરોમાંથી ૨ લોકોએ તેમની બીએમડબ્લ્યુ કાર પર ફાયરિંગ કર્યું હતું, જ્યારે ત્રીજો વ્યક્તિ બાઈક પર ભાગવામાં મદદ કરવા ઊભો હતો. હુમલાખોરોએ અંદાજે ૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.આ હુમલામાં ટાઈગર શ્રોફ ગોળી વાગવાથી બચી ગયો હતો, જોકે કારના કાચ તૂટવાના કારણે તેને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેના ડ્રાઈવર ફિરદોસના ડાબા હાથમાં ગોળી વાગી છે, જ્યારે એક રાહદારી પણ ઈજાગ્રસ્ત થયો છે.ઘટના બાદ અનિલ પંડિત અને હરમાન સંધૂ નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. તેણે દાવો કર્યો હતો કે ટાઈગર શ્રોફને સલમાન ખાન સાથે કામ ન કરવા માટે પહેલા ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેણે આ વાતને અવગણી હતી. પોસ્ટમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે, મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે કોઈ અમારું નહીં સાંભળે અથવા સલમાન ખાન સાથે કામ કરશે, આગામી નંબર તેનો હશે.મુંબઈ પોલીસે આ સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપની સત્યતા તપાસવાનું શરૂ કરી દીધું છે. ક્રાઈમ બ્રાંચ સહિત પોલીસની ૧૫ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફુટેજ અને ફોરેન્સિક પુરાવાઓની મદદથી હુમલાખોરોની શોધખોળ કરી રહી છે.

### પોલીસને મળી મોટી સફળતા

# ટાઇગર શ્રોફ કેસમાં 3 આરોપીને કોટામાંથી ઝડપી લેવામાં આવ્યા

**આરોપીઓ દિલ્હીના રસ્તે નેપાળ ભાગવાની ફિરાકમાં હતા**

મુંબઈ, તા.૧૯

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈમાં ગુનાને અંજામ આપીને ટ્રેન દ્વારા ભાગી રહેલા ત્રણેય આરોપીઓને રાજસ્થાનના કોટામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. કોટાની એસપી તેજસ્વિની ગૌતમના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળતાની સાથે જ ડીએસપી અને સાયબર સેલની ટીમે માત્ર ૧૫ મિનિટમાં જ ટ્રેનને ઘેરી લીધી હતી અને સઘન તપાસ કરીને ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. આ આરોપીઓ દિલ્હીના રસ્તે નેપાળ ભાગવાની ફિરાકમાં હતા.

પોલીસે જે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે તેમાં રેહાન (સોનિપત), હતિક કુર્મી ઉર્ફે રોશન (બિહાર) અને એક સગીર (નાબાલિક) સામેલ છે. પોલીસ પૂછપરછમાં એ વાત સામે આવી છે કે આ સમગ્ર વારદાતનો મુખ્ય આરોપી રેહાન હતો, જેનો સંપર્ક અનિલ પંડિત સાથે થયો હતો. આ ત્રણેય આરોપીઓ ઘટનાને અંજામ આપીને તાત્કાલિક ફરાર થઈ ગયા હતા અને પૂણે-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં સફર કરી રહ્યા હતા. હાલ તેમની પાસેથી કોઈ હથિયાર જપ્ત થયા નથી, પરંતુ પોલીસ હથિયારો ક્યાં છુપાવ્યા છે તે અંગે પૂછપરછ કરી રહી છે.

કોટા એસપીએ જણાવ્યું કે મુંબઈ પોલીસ તરફથી મળેલા ચોક્કસ ઈનપુટ્સના આધારે આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જ આ તમામ આરોપીઓને મુંબઈ પોલીસના હવાલે કરવામાં આવશે, જેથી આગળની કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાય અને આ હુમલા પાછળના મોટા નેટવર્કનો ખુલાસો થઈ શકે.

ગત ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ની સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફની કારને નિશાન બનાવીને ત્રણ બાઈક સવારોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સદનસીબે ટાઈગર શ્રોફ આ હુમલામાં સુરક્ષિત છે, પરંતુ તેના ડ્રાઈવર અને એક ઓટો રિક્ષા ચાલક ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ અનિલ પંડિત અને લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા તત્વો દ્વારા સોશિયલ મીડિયા પર ધમકીઓ પણ આપવામાં આવી હતી, જેના પગલે બોલિવૂડ સેલેબ્સની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે.

### પાટણના ખેડૂતોની વેદના

# વરસાદની ખેંચથી ખેતરોમાં પાક સૂકાઈ રહ્યો છે, શિયાળુ વાવેતર સામે મોટું સંકટ

**સુજલામ સુફલામ કેનાલના પાણીની આશા : જો સમયસર પાણી નહીં મળે, તો ખેડૂતોની મહેનત અને મૂડી જોખમમાં મુકાઈ શકે છે**

પાટણ, તા.૧૯

મેઘરાજાની લાંબી રાહ, ખેતરોમાં સુકાતો પાક અને માથે શિયાળુ વાવેતરની ચિંતા. પાટણ જિલ્લામાં વરસાદની ખેંચે ખેડૂતોની મુશ્કેલી વધારી છે. એક તરફ ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતિ છે, તો બીજી તરફ શિયાળુ પાકના વાવેતર માટે સુજલામ સુફલામ કેનાલના પાણીની આશા છે. જો સમયસર પાણી નહીં મળે, તો ખેડૂતોની મહેનત અને મૂડી બંને જોખમમાં મુકાઈ શકે છે. ખેતરોમાં જ્યાં લીલીછમ હરિયાળી છવાવી જોઈએ, ત્યાં વરસાદના અભાવે પાક પીળો પડી રહ્યો છે. બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરનારા ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા માટે આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. વરસાદની અછતને કારણે ચોમાસુ પાક સામે સંકટ ઊભું થયું છે, ત્યારે ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે ખેડૂતો માટે શિયાળુ વાવેતર પણ મોટો પડકાર બન્યું છે. ચણા, રાયડો, ઘઉં અને જીરું જેવા મુખ્ય પાકના વાવેતરની તૈયારી શરૂ થઈ છે, જ્યારે કેટલાક ખેડૂતોએ રાયડાનું વાવેતર પણ શરૂ કરી દીધું છે.જો સુજલામ સુફલામ કેનાલમાં સમયસર પાણી નહીં છોડાય, તો ખેડ, ખાતર અને બિયારણ પાછળ કરેલો ખર્ચ માથે પડે તેવી ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. પાણીની અછતને કારણે વાવેતર ઘટવાની પણ આશંકા છે.બીજી તરફ, ખેતીવાડી વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, પાટણ જિલ્લામાં બે લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં શિયાળુ પાકના વાવેતરની સંભાવના છે. આગામી ૧૫ નવેમ્બરની આસપાસ વાવેતર શરૂ થઈ શકે છે. ખેડૂતોને ટ્યુબવેલથી પણ પાણી મળે છે અને દર વર્ષની જેમ સુજલામ સુફલામ કેનાલમાં પણ પાણી છોડવામાં આવશે.
જો વરસાદની અછતને કારણે કેનાલનું પાણી ન મળે તો વાવેતર ઘટવાની શક્યતા નકારી શકાય નહીં. હવે સવાલ એ છે કે ખેડૂતોના પાકને બચાવવા અને શિયાળુ વાવેતરને સુરક્ષિત કરવા કેનાલમાં પાણી સમયસર મળશે કે નહીં? કારણ કે પાણી મળશે તો જ ખેતરોમાં હરિયાળી છવાશે અને અન્નદાતાની મહેનત સફળ થશે.

### ગુજરાત ૨૦૨૭ ચૂંટણી પહેલાં ચૂંટણી પંચનો નિર્ણય

# હવે રાજકીય પક્ષોને મળશે વાંચી શકાય તેવી PDF ફોર્મેટમાં મતદાર યાદી

**ગુજરાતમાં ૨૦૨૭ની ચૂંટણી પહેલાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા હાથ ધરાશે, જેને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખેચ-તાણ શરૂ થઈ છે**

નવી દિલ્હી, તા.૧૯

મતદાર યાદીની ચોકસાઈ અને પારદર્શિતા અંગે ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે ચૂંટણી પંચે રાજકીય પક્ષોને મતદાર યાદી વાંચી શકાય તેવી PDF ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો હોવાનું જણાવાયું છે. ગુજરાત સહિત ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ સમરી રિવિઝનની પ્રક્રિયા હાથ ધરાવાની હોવાથી આ નિર્ણય રાજકીય રીતે મહત્વપૂર્ણ બની શકે છે.મતદાર યાદીની નકલ ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ થવાથી રાજકીય પક્ષોને મતદારોની વિગતો તપાસવામાં સરળતા મળી શકે છે. ખાસ કરીને મતદારોનાં નામ, સરનામાં, મતદાર યાદીમાં થયેલા સુધારા અને સંભવિત વિસંગતતાઓની ચકાસણીમાં આ વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. જોકે અહીં એક મહત્વપૂર્ણ બાબત છે. વાંચી શકાય તેવીં ઢલ્ઢ અને કમ્પ્યુટર દ્વારા સંપૂર્ણપણે સર્ચ કરી શકાય તેવી મતદાર યાદી એકસરખી નથી. નવી વ્યવસ્થા હેઠળ રાજકીય પક્ષો કેટલી હદ સુધી ડિજિટલ તપાસ કરી શકશે તે ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી ફાઈલના ફોર્મેટ પરથી સ્પષ્ટ થશે.ગુજરાતમાં ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી યોજાવાની હોવાથી મતદાર યાદીની સુધારણા મહત્વપૂર્ણ છે. અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૧૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ થવાની છે. ત્યારબાદ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી મતદાર યાદી અંગે દાવા અને વાંધા રજૂ કરી શકાશે. અંતિમ મતદાર યાદી ૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ જાહેર કરવાનો કાર્યક્રમ છે. આ પ્રક્રિયામાં નવા પાત્ર મતદારોના નામ ઉમેરવા, હાલની નોંધોમાં સુધારા કરવા અને નિયમો અનુસાર અયોગ્ય નોંધો દૂર કરવાની કામગીરી હાથ ધરાશે.

મતદાર યાદીની પારદર્શિતાના મુદ્દે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે મતદાર યાદી ડિજિટલ રીતે તપાસી શકાય તેવી બનાવવાની પક્ષની લાંબા સમયથી ચાલી રહેલી માંગનો ઉલ્લેખ કર્યો છે. બીજી તરફ ભાજપે કોંગ્રેસના મતદાર યાદીમાં ગેરરીતિ અંગેના આક્ષેપોને પડકાર્યા છે અને તેના સમર્થનમાં પુરાવા રજૂ કરવાની માંગ કરી છે. આમ, મતદાર યાદીની સુધારણા માત્ર ચૂંટણી પંચની વહીવટી પ્રક્રિયા પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ રાજકીય પક્ષો વચ્ચે ચર્ચાનો મહત્વપૂર્ણ વિષય બની છે.સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે ગુજરાતના રાજકીય પક્ષોને આપવામાં આવનારી મતદાર યાદીની PDFમાં નામ, સરનામું અને મતદાર નંબરના આધારે માહિતી શોધી શકાશે કે નહીં. બીજો પ્રશ્ન મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયા અંગે છે. કોઈ મતદારનું નામ દૂર કરવામાં આવે તો તેની જાણકારી, વાંધો રજૂ કરવાની તક અને અપીલની પ્રક્રિયા કેટલી સરળ રહેશે તે પણ મહત્વપૂર્ણ બનશે. આ ઉપરાંત ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોને આપવામાં આવતી યાદી અને સામાન્ય નાગરિકો માટે ઉપલબ્ધ મતદાર યાદી વચ્ચે શું તફાવત રહેશે તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે.

મતદાર યાદીમાં નામ હોવું એ મતદાન માટેની મૂળભૂત જરૂરિયાત છે. તેથી ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા પછી નાગરિકોએ પોતાનું નામ અને વિગતો તપાસવી જરૂરી રહેશે. નામ ન હોય અથવા વિગતોમાં ભૂલ હોય તો ચૂંટણી પંચની નિર્ધારિત પ્રક્રિયા મુજબ અરજી કે વાંધો રજૂ કરી શકાશે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ગુજરાતમાં મતદાર યાદીની ચોકસાઈ, ડિજિટલ ઉપલબ્ધતા અને નામ ઉમેરવા-દૂર કરવાની પ્રક્રિયા રાજકીય પક્ષો તથા મતદારો બંને માટે મહત્વપૂર્ણ બનવાની છે.

### વાઇબ્રન્ટ ગુજરાત અંતર્ગત વિદેશ પ્રવાસનું આયોજન

# ગુજરાત રાજ્યના ૧૨ IAS અધિકારીઓ વિદેશ પ્રવાસે જશે

**મહેસૂલ વિભાગ રાજ્ય સરકારના અત્યંત સંવેદનશીલ અને મહત્વના વિભાગો પૈકીનો એક માનવામાં આવે છે**

અમદાવાદ,તા.૧૯

વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત રાજ્યના કુલ ૧૨ IAS અધિકારીઓ વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.આ અધિકારીઓ વિવિધ દેશોના પ્રવાસે જઈને મહત્વની કામગીરી સંભાળવાના છે. સનદી અધિકારીઓના આ પ્રવાસને પગલે સચિવાલયમાં વહીવટી શૂન્યાવકાશ ન સર્જાય તે જોવામાં આવ્યું છે.રાજ્ય સરકાર દ્વારા વહીવટ સુચારૂ રૂપે ચાલે તે માટે વિશેષ આદેશ જારી કરવામાં આવ્યા છે.રાજ્ય સરકારે તેમના વિભાગોની જવાબદારી અન્ય સક્ષમ IAS અધિકારીઓને સોંપવાનો નિર્ણય લીધો છે. પ્રવાસ દરમિયાન તમામ દૈનિક અને નીતિવિષયક કામગીરી સતત ચાલુ રહે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.રાજ્યના વિવિધ વહીવટી વિભાગોમાં યોગ્ય સંકલન જળવાઈ રહે તે બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. નાગરિકો અને સચિવાલયની રોજિંદી ફાઈલોના નિકાલમાં કોઈ વિલંબ ન થાય તેની કાળજી રખાઈ છે.

વહીવટી ફેરફારો અંતર્ગત અપર મુખ્ય સચિવ કક્ષાના બે વરિષ્ઠ અધિકારીઓનો હવાલો સોંપાયો છે.જેમાં સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માનો સમાવેશ થાય છે.અંજુ શર્મા વિદેશ પ્રવાસે જઈ રહ્યા હોવાથી તેમની જગ્યાએ કામચલાઉ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સામાન્ય વહીવટ વિભાગનો મહત્વનો હવાલો આઈએએસ અધિકારી ટી.નટરાજનને સુપરત કરવામાં આવ્યો છે.આ વિભાગ રાજ્યના સમગ્ર સનદી તંત્ર અને કર્મચારીઓના વહીવટ સાથે સીધો સંકળાયેલો છે.તેથી આ વિભાગની કામગીરીમાં સાતત્ય જળવાય તે માટે ટી.નટરાજન જવાબદારી સંભાળશે. આ ઉપરાંત મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતી રવિ પણ વિદેશ પ્રવાસે જશે.જયંતી રવિની ગેરહાજરી દરમિયાન મહેસૂલ વિભાગનો ચાર્જ આઈએએસ બી. એ.શાહને સોંપાયો છે.મહેસૂલ વિભાગ રાજ્ય સરકારના અત્યંત સંવેદનશીલ અને મહત્વના વિભાગો પૈકીનો એક માનવામાં આવે છે.બી.એ.શાહ હવે જયંતી રવિ વિદેશ પ્રવાસથી પરત ન ફરે ત્યાં સુધી આ હવાલો સંભાળશે.આ બંને વરિષ્ઠ વિભાગોમાં વહીવટી કામગીરી અવિરત ચાલે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત થઈ છે.ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા પણ વિદેશ જશે.તેમના પ્રવાસ દરમિયાન ઉદ્યોગ વિભાગનો હવાલો રાજીવ ટોપનોને સોંપાયો છે.રાજીવ ટોપનો હવે ઉદ્યોગ વિભાગની તમામ મહત્વની ફાઈલો સંભાળશે. ઇબ્રન્ટ ગુજરાત માટે આ વિભાગનું સંચાલન ખૂબ જરૂરી છે.શહેરી વિકાસ સચિવ લોચન શહેરા પણ આ પ્રવાસમાં સામેલ છે.તેમની ગેરહાજરીમાં આ વિભાગનો ચાર્જ વિનોદ રાવને સોંપવામાં આવ્યો છે.વિનોદ રાવ હવે શહેરી વિકાસ વિભાગનું વહીવટી કામકાજ જોશે.આમ તમામ મુખ્ય વિભાગોમાં વહીવટી સાતત્ય જાળવી રાખવામાં આવ્યું છે.રાજ્યના કુલ ૧૨ સનદી અધિકારીઓ વિદેશના પ્રતિનિધિ મંડળમાં સામેલ થશે.તમામ વિભાગોમાં દૈનિક કામકાજ કોઈ પણ અવરોધ વિના ચાલશે.પ્રવાસ પૂર્ણ થતાં જ મૂળ અધિકારીઓ ફરી પદભાર સંભાળશે.સરકારે આ મહત્વની વહીવટી જવાબદારીઓની વહેંચણી તાત્કાલિક પૂર્ણ કરી છે.

### દુબઈથી સુરત આવતી ફ્લાઈટમાં સવાર હતો દાણચોર

# દુબઈથી ફ્લાઈટમાં લાવવામાં આવેલું ૬૮ લાખનું ૪૮૦ ગ્રામ સોનું ઝડપાયું

**ફ્લાઈટના મુસાફર પાસેથી DRI એ ૬૮ લાખની કિંમતનું ૪૮૦ ગ્રામ દાણચોરીનું સોનું ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે**

સુરત,તા.૧૯

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતનું ઈન્ટરનેશનલ એરપોર્ટ હવે દાણચોરો માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે, પરંતુ સુરક્ષા એજન્સીઓની બાજ નજર સામે તસ્કરોની ચાલબાજી નિષ્ફળ સાબિત થઈ રહી છે.

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) ની ટીમે એક મોટી સફળતા હાંસલ કરતાં દુબઈથી આવી રહેલી ફ્લાઈટમાંથી ગેરકાયદે રીતે લાવવામાં આવેલું ૪૮૦ ગ્રામ સોનું ઝડપી પાડ્યું છે. આંતરરાષ્ટ્રીય બજાર અને સ્થાનિક મૂલ્ય મુજબ જપ્ત કરાયેલા આ કિંમતી સોનાની અંદાજિત કિંમત રૂપિયા ૬૮ લાખ આંકવામાં આવી છે. ડીઆરઆઈએ સોનું લાવનાર મુસાફરને અટકમાં લઈ તેની સામે કસ્ટમ્સ એક્ટ હેઠળ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

દુબઈથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયેલી નિયમિત પેસેન્જર ફ્લાઈટના મુસાફરોનું ઈમિગ્રેશન અને કસ્ટમ્સ સ્ક્રિનિંગ ચાલી રહ્યું હતું.આ દરમિયાન ગુપ્ત બાતમી તેમજ શંકાસ્પદ હિલચાલના આધારે DRI ની ટીમે એક ચોક્કસ મુસાફરને અટકાવીને તેની સઘન તલાશી લીધી હતી.મુસાફરના સામાન અને શરીરની ચકાસણી દરમિયાન તેમાંથી ગુપ્ત રીતે છુપાવેલું ૪૮૦ ગ્રામ શુદ્ધ સોનું મળી આવ્યું હતું, જે અંગે મુસાફર પાસે કોઈ બિલ કે કાયદેસરના દસ્તાવેજો નહોતા.

એજન્સી દ્વારા સોનાની જપ્તી બાદ પૂછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે.જપ્ત કરાયેલા સોનાની હાલની બજાર કિંમત આશરે ૬૮ લાખ જેટલી થાય છે.DRI દ્વારા આરોપી મુસાફર વિરુદ્ધ સોનાની ગેરકાયદે દાણચોરી નો ગુનો નોંધી આગળની પૂછપરછ હાથ ધરાઈ છે.આ યુવક માત્ર એક કેરિયર (કમિશન પર માલ લાવનાર) છે કે પછી સુરતના કોઈ મોટા જ્વેલર્સ કે બુલિયન વેપારી સાથે સીધો જોડાયેલો છે તે દિશામાં સુરક્ષા એજન્સીઓ ઝીણવટભરી કડીઓ જોડી રહી છે.

### સરકારની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી

# મનરેગા હેઠળ કામ કરતા શ્રમિકોની મજૂરીના નાણાં ચાર મહિનાથી બાકી હોવાનો મુદ્દો સામે આવ્યો

**કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે પત્રકાર પરિષદ યોજીને આ મુદ્દે રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું**

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ કામ કરતા શ્રમિકોની મજૂરીના નાણાં ચાર મહિનાથી બાકી હોવાનો મુદ્દો સામે આવ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે પત્રકાર પરિષદ યોજીને રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર, રાજ્યના શ્રમિકોના કુલ ૪૩.૪૪ કરોડ ચૂકવવાના બાકી છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, ચાર મહિનાથી મહેનતાણું ન મળતાં શ્રમિકો મુશ્કેલીમાં મુકાયા છે. કેટલાક શ્રમિકોએ આત્મવિલોપનની ધમકી આપી હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. તેમણે જિલ્લા ગ્રામ વિકાસ નિયામકના એક અધિકૃત પત્રનો ઉલ્લેખ કરીને કહ્યું કે મનરેગા હેઠળ શ્રમિકોને ચૂકવણી ન થઈ હોવાની વાત તેમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, મનરેગા યોજના હેઠળ નિયમ પ્રમાણે ૧૫ દિવસમાં શ્રમિકોના ખાતામાં મજૂરીના નાણાં જમા થવા જોઈએ. જોકે, ગુજરાતના આદિવાસી વિસ્તારો સહિત તમામ ૩૪ જિલ્લાઓમાં ચાર મહિનાથી ચૂકવણી બાકી છે. ભાવનગર જિલ્લામાં પણ શ્રમિકોની મજૂરીના ૨.૬૬ કરોડ અને મેટની ચૂકવણીના ૧.૪૪ કરોડ બાકી હોવાનું શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. તેમણે સરકારની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરીને મુખ્યમંત્રીને આ મામલે તાત્કાલિક ગંભીરતા દાખવવા અપીલ કરી હતી.

કોંગ્રેસે સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માંગણીઓ મૂકી છે. તેમાં તમામ બાકી નાણાં તાત્કાલિક ચૂકવવા, ૧૫ દિવસમાં ચૂકવણી ન કરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવા અને મુશ્કેલી ભોગવી રહેલા શ્રમિકોની સરકાર જાહેર માફી માગે તેવી માંગણીનો સમાવેશ થાય છે.

### નર્મદાના નીરના ભરોસે ના રહેતા!

# સરકારના મંત્રીએ જ જળસંકટ હોવાનું સ્વીકાર્યું, ખેડૂતોને ચેતવ્યા

**સામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે**

અમદાવાદ, તા.૧૯

રાજ્ય સરકારના જવાબદાર મંત્રી જ જાહેરમાં આવીને કહી દે કે 'પાણી આપી શકાય તેમ નથી', ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. બનાસકાંઠા અને વાવ-થરાદ પંથકમાં આગામી ઉનાળામાં સર્જાનારા ભયાનક પાણી સંકટ પર ખુદ મંત્રી સ્વરૂપજી ઠાકોરે મહોર મારી દીધી છે અને ખેડૂતોને અત્યારથી જ સાવધ કરી દીધા છે.મંત્રી સ્વરૂપજી ઠાકોરે ખેડૂતોને સલાહ આપી કે, એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં થઈ શકેસામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે. એક સમારોહમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વીકાર્યું કે, ચાલુ વર્ષે ઓછા વરસાદના કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી.સરકાર સક્ષમ નથી તેવી સ્થિતિ સર્જાઈ છે, તેથી ખેડૂતોએ પોતાની વ્યૂહનીતિ જાતે જ બદલવી પડશે. હવે વાવ-થરાદના જગતના તાત ચિંતામાં મુકાયા છે.

ખેડૂતો હવે વધુ પાણી પીતા પાકો ઉગાડવાનું જોખમ લઈ શકશે. નહીં. મંત્રી એ ખેડૂતોને ચેતવ્યા કે, આ વર્ષે માત્ર એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં ઊતરી શકે, નહિતર પાક સુકાઈ જશે.જો ખેડૂતો સરકારના ભરોસે રહીને વધુ પાણીવાળા પાકોનું વાવેતર કરશે, તો ઉનાળામાં સિંચાઈ વગર મોઢે આવેલો કોળિયોછીનવાઈ જશે તે નક્કી છે.

### ગત વર્ષની સરખામણીએ ૨૦થી ૨૫ ટકાનો ભાવ વધારો

# દશેરાના તહેવારમાં ફાફડા જલેબીની લિજ્જત મોંઘી પડશે

**અમદાવાદમાં દશેરા પર ફાફડા અને જલેબીના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા ૧૨૦ સુધીનો વધારો થયો છે**

અમદાવાદ, તા.૧૯

શહેરમાં આ વર્ષે દશેરાના તહેવાર પર ફાફડા અને જલેબીનો સ્વાદ માણવો અમદાવાદીઓ માટે વધુ મોંઘો થઈ જશે. દશેરાના પવિત્ર દિવસે ફાફડા-જલેબી આરોગવાની પરંપરા વચ્ચે આ વખતે લિજ્જત મોંઘી પડવાની છે, કારણ કે ફાફડા અને જલેબીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ. ૧૨૦નો મોટો વધારો નોંધાયો છે. મહત્વનું છે કે, તહેવારના ટાણે જ ફાફડા-જલેબીમાં ગત વર્ષની સરખામણીએ ૨૦થી ૨૫ ટકા સુધીનો ભાવ વધારો ઝીંકાયો છે.

આ ભાવ વધારાને કારણે આ વખતે દશેરા પર અમદાવાદીઓના ખિસ્સા પર ભારે આર્થિક ભાર પડવાની છે. જે અંતર્ગત આ વર્ષે ભાવમાં થયેલા ફેરફારના મુખ્ય આંકડાઓ જોઈએ તો ગત વર્ષે સરેરાશ રૂ. ૬૮૦ પ્રતિ કિલો ના ભાવે મળતા ફાફડા આ વર્ષે વધીને રૂ. ૮૦૦ પ્રતિ કિલો થયા છે. જ્યારે ગત વર્ષે જલેબીનો સરેરાશ ભાવ રૂ. ૮૦૦પ્રતિ કિલો હતો, જે આ વર્ષે વધીને રૂ. ૮૮૦ પ્રતિ કિલો એ પહોંચ્યો છે. મહત્વનું છે કે, ફાફડા અને જલેબી મોંઘા થવા પાછળ ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો મુખ્ય જવાબદાર છે. ખાસ કરીને તેલ, લોટ અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં ઉત્પાદકો માટે જૂના ભાવે વેચાણ કરવું અશક્ય બન્યું છે. આ ઉપરાંત ગેસ અને મજૂરીના દરોમાં વધારો થવાના કારણે ફાફડા-જલેબીના ભાવ ઊંચા ગયા છે, જેની સીધી અસર ગ્રાહકોની ખરીદી પર જોવા મળશે. આમ તો દશેરાના તહેવાર દરમિયાન સરેરાશ પ્રથેક દુકાનદાર પરથી ૪૦૦ જેટલા ગ્રાહકો ફાફડા અને જલેબીની ખરીદી કરતા હોય છે. તહેવારની ઉજવણી માટે લોકો ખરીદી તો કરશે, પરંતુ કાચા માલ અને બનાવટના ખર્ચમાં થયેલા ભાવ વધારાના કારણે આ દશેરાએ ફાફડા-જલેબીની લિજ્જત મોંઘી બની છે.

જોકે, મોંઘવારી ભલે ગમે તેટલી વધે, પરંતુ સુરતીઓનો તહેવાર પ્રત્યેનો ઉત્સાહ ક્યારેય ઓછો થતો નથી. સુરતના લોકો પોતાના ખાણીપીણીના શોખ માટે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ જાણીતા છે. ભાવવધારો હોવા છતાં, દશેરાના પાવન દિવસે ફાફડા-જલેબીની દુકાનો બહાર લાંબી લાઈનો તો જોવા મળશે જ. લોકો પૂર્વ તૈયારીઓ કરીને પણ વહેલી સવારથી મીઠાઈ લેવા પહોંચી જશે. પરિવારો ભેગા મળીને આ તહેવારની ભવ્ય ઉજવણી કરશે અને પરંપરાગત વાનગીઓની મજા માણશે. આર્થિક બોજ વધ્યો હોવા છતાં, વર્ષમાં એકવાર આવતા આ તહેવારને લોકો પૂરા હર્ષોલ્લાસથી મનાવશે.

### ૩૮ દેશોની GDP કરતાં પણ મોટી રકમ

# મસ્કની મોટી જાહેરાતઃ અમેરિકાના દરેક બાળકને આપશે SpaceXનો ૧ શેર

**૭.૪ કરોડ બાળકોને મળશે ૧૦.૮ અબજ ડોલરના શેર**

વોશિંગ્ટન, તા.૧૯

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી છે. તેઓ પોતાની અગ્રણી રોકેટ નિર્માતા કંપની SpaceXનો એક-એક શેર અમેરિકાના દરેક બાળકને ભેટ તરીકે આપવા જઈ રહ્યા છે. મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને પુષ્ટિ કરી છે કે તેઓ આવતા વર્ષથી આ પહેલ શરૂ કરશે અને આ તો માત્ર શરૂઆત છે, ભવિષ્યમાં આવા બીજા ઘણા પગલાં પણ લેવામાં આવશે.

સંયુક્ત રાષ્ટ્ર (UN) ના ડેટા પ્રમાણે હાલ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંખ્યા આશરે ૭.૪ કરોડ જેટલી છે. વર્તમાન સમયમાં SpaceX ના એક શેરની કિંમત લગભગ ૧૪૬ ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે ૧૩,૮૬૧ રૂપિયા છે. આ ગણતરી મુજબ એલોન મસ્ક પોતાના હિસ્સામાંથી કુલ મળીને ૧૦.૮ અબજ ડોલર એટલે કે અંદાજે ૧.૦૨ લાખ કરોડ રૂપિયાના શેર બાળકોને ભેટ આપશે. આ રકમ વિશ્વના આશરે ૩૮ દેશોના કુલ વાર્ષિક GDP કરતાં પણ વધારે છે.

એલોન મસ્ક આ ખાનગી એરોસ્પેસ અને સેટેલાઈટ કંપનીના સૌથી મોટા શેરહોલ્ડર છે. તાજેતરની રેગ્યુલેટરી ફાઈલિંગ મુજબ, ૩૦ જૂન સુધીમાં કંપનીમાં તેમનો હિસ્સો ૪૮.૪ ટકા હતો. તેમની પાસે SpaceXના કુલ આશરે ૬.૪૨ અબજ શેર છે. આમાં તેમના ટ્રસ્ટ હેઠળ રાખવામાં આવેલા ૮૪૯.૫ મિલિયન 'ક્લાસ A' શેર અને ૩.૯૨ અબજ 'ક્લાસ B' શેર સામેલ છે. આ સિવાય મસ્ક વ્યક્તિગત રીતે સીધા ૧.૩૦ અબજ 'ક્લાસ B' રિસ્ટ્રિક્ટેડ શેર ધરાવે છે, તેમજ સ્ટોક ઓપ્શન અંતર્ગત વધારાના ૩૫૦ મિલિયન 'ક્લાસ B' શેર પર પણ તેમનો અધિકાર છે. મસ્કે હાલ આ શેર કઈ પ્રક્રિયા હેઠળ વહેંચવામાં આવશે તેની સંપૂર્ણ રૂપરેખા સ્પષ્ટ કરી નથી. આ માટે કયા બાળકો પાત્ર બનશે, શેર કઈ તારીખે ખાતામાં જમા થશે, સરકાર તરફથી કઈ મંજૂરીઓની જરૂર પડશે અને શેર સીધા બાળકોના નામે થશે કે કોઈ વિશેષ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરાશે તેની વિગતો આવનારા દિવસોમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે SpaceX વિશ્વની સૌથી મૂલ્યવાન ખાનગી કંપનીઓમાં સામેલ છે, જે અંતરિક્ષ રોકેટ લોન્ચિંગ, સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ અને માનવ અંતરિક્ષ મિશન ક્ષેત્રે અગ્રણી કામગીરી કરી રહી છે.

### કોર્ટે તેમની જ્યુડિશિયલ કસ્ટડી બે દિવસ લંબાવી

# આશુતોષ રાંકા અને સૌરવ દાસે હજુ પણ ૨ દિવસ રહેવું પડશે જેલમાં

**પોલીસે બંનેની કસ્ટડી વધારવા માટે માંગણી કરી હતી**

નવી દિલ્હી, તા.૧૯

ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે વિરોધ પ્રદર્શન કરી રહેલી કોકરોચ જનતા પાર્ટીની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો થતો જોવા મળી રહ્યો છે. સરકારે જંતર મંતરને પ્રોટેસ્ટ માટે ડિનોટિફાય કરતા હવે આ જગ્યાએ પ્રદર્શન કરવાની મંજૂરી નહીં મળે અને તેની જગ્યાએ ૩ નવી જગ્યાઓ સરકારે જાહેર કરી. પરંતુ સીજેપી જંતર મંતર પર જ પ્રોટેસ્ટ કરવા માટે મક્કમ રહી અને ત્યારબાદ આશુતોષ રાંકા, સૌરવ દાસ અને અજિંક્ય શિંદેએ ત્યાં ગેટ કૂદીને એન્ટ્રી મારીને વિરોધ પ્રદર્શન કરવાનો પ્રયત્ન કરતા આશુતોષ રાંકા અને સૌરવ દાસને ૫ દિવસની જેલની સજા થઈ હતી. આજે તેમનો છૂટકારો થવાનો હતો પરંતુ હજુ બે દિવસ આ જ્યુડિશિયલ કસ્ટડી લંબાઈ. કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ હાલ તો જેલમાં જ રહેવું પડશે. તમને જણાવી દઈએ કે તેઓ અત્યારે તિહાડ જેલમાં છે. આજે કસ્ટડીનો સમય પૂરો થતા બંનેને મંદિર માર્ગ પોલીસ મથકમાં નવનિયુક્ત સ્પેશિયલ એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ સામે હાજર કરાયા હતા. પોલીસે બંનેની કસ્ટડી વધારવા માટે માંગણી કરી હતી. મેજિસ્ટ્રેટ કોર્ટે પોતાનો ચુકાદો આપતા રાંકા અને સૌરવ દાસની જ્યુડિશિયલ કસ્ટડી વધુ બે દિવસ વધારતા હવે તેમણે હજુ બે દિવસ જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેવું પડશે. બંને સીજેપી નેતા ૧૪ ઓક્ટોબરથી જેલમાં બંધ છે.

કોકરોચ જનતા પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે આ બંને નેતાઓના છૂટકારામાં જાણી જોઈને વિલંબ કરાઈ રહ્યો છે. સીજેપીના લીગલ હેડ રત્ના સિંહના જણાવ્યાં મુજબ રવિવારે જામીન પર સુનાવણી માટે બપોરે ૧૨ વાગ્યાથી રાહ જોતા હતા ત્યારે મેજિસ્ટ્રેટ અને સરકારી વકીલ સાંજે સાડા પાંચ આસપાસ પહોચ્યા. સીજેપીનો એવો પણ આરોપ છે કે બંને નેતાઓના છૂટકારા પર સુનાવણીની જગ્યાએ મેજિસ્ટ્રેટને મળેલા ધમકીવાળા મેસેજ પર ચર્ચા થઈ. પોલીસે જો કે આ આરોપો પર કોઈ નિવેદન આપ્યું નથી.

બીજી બાજુ AISAની અધ્યક્ષ નેહા બોરા આજે દિલ્હી હાઈકોર્ટમાં ગઈ. વાત જાણે એમ છે કે દિલ્હી પોલીસે તેને શાંતિ જાળવી રાખવા માટે સ્પેશિયલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ (SEM) સામે પીસ બોન્ડ ભરવા કહ્યું. બોરા સતત પ્રદર્શનોમાં સામેલ રહી છે. બોરા આ પીસ બોન્ડના વિરોધમાં દિલ્હી હાઈકોર્ટમાં ગઈ છે. એક બાજુ જ્યાં આશુતોષ રાંકા અને સૌરવ દાસ હજુ પણ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે ત્યાં સીજેપીના ફાઉન્ડર અભિજીત દીપકેને ૫૦ હજાર રૂપિયાના બેલ બોન્ડ પર તરત જામીન મળ્યા હતા. વાત જાણે એમ હતી કે ૧૬ ઓક્ટોબરના રોજ કર્નોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કમાં લહેરા દો તિરંગા રેલી યોજવા બદલ પહેલા દીપકેની અટકાયત થઈ અને પછી ત્યારબાદ ધરપકડ થતા ૧૭ ઓક્ટોબરે જામીન પર છૂટકારો થયો હતો.

### વિશ્વભરમાં વધતા જતાં ઇંધણના ભાવ વચ્ચે

# બેલ્જિયમ, ઈટાલી અને પોર્ટુગલથી લઈ આર્જેન્ટિના સહિતના દેશોમાં વિરોધ-વંટોળ

**પોર્ટુગલમાં હજારો લોકો ઓછા વેતન, રહેણાંક મકાનોની અછત, મિલ્કતોના વધતા ભાવ અને ભાડાં સામે લિસ્બનમાં હજારો લોકો સડક પર ઉતરી આવ્યા**

નવી દિલ્હી, તા.૧૯

ફ્રાંસ પછી બેલ્જિયમથી શરૂ કરી આર્જેન્ટીના અને આલ્બેનિયા, ઈટાલી પોર્ટુગલ અને યુએસમાં પણ મોંઘવારી, બેકારી, ફુગાવો, વધતો જતો શિક્ષણ ખર્ચ અને વધતાં જતાં ઘરભાડાં સહિત અનેકવિધ પ્રશ્ને વિશ્વના કેટલાયે દેશોમાં જનઆક્રોશ ભભૂકી ઉઠયો છે. સરકારની નીતિઓ સામે જનતા પણ રણે ચઢી છે. એક તરફ આભ ઊંચો ફુગાવો જતાં લોકોની ખરીદ શક્તિ તૂટી ગઈ છે, તો બીજી તરફ સરકારો દ્વારા અપાતી સવલતો - પબ્લિક સર્વિસીઝમાં પણ કાપ મુકાતો જાય છે.

વિશ્વભરમાં વધતા જતાં ઈંધણના ભાવ, જીવન જરૂરિયાતની ચીજોના વધતા ભાવ (કોસ્ટ ઓફ લિવિંગ) ભારે બોજારૂપ બની રહ્યા છે. ફ્રાંસની સાથે હવે તેના પાડોશી બેલ્જિયમમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણ ખર્ચમાં સરકાર દ્વારા કરાતા ઘટાડા સામે અને મોંઘા બની રહેલાં ઘરભાડાં સામે જનઆક્રોશ ભભૂકી ઉઠયો છે. વાસ્તવમાં જનતા હવે હતાશ થઈ ગઈ છે, બ્રુસેલ્સ અને લીજમાં પણ વ્યાપક રમખાણો થતાં પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડયો હતો. બેલ્જિયમના આંતરિક બાબતોના મંત્રીએ એવો પાંગળો બચાવ કર્યો હતો કે આ સમાજને અસ્થિર કરવાનું એક સુવ્યવસ્થિત કાવતરૂં છે.પોર્ટુગલમાં હજારો લોકો ઓછા વેતન, રહેણાંક મકાનોની અછત, મિલ્કતોના વધતા ભાવ અને ભાડાં સામે લિસ્બનમાં હજારો લોકો સડક પર ઉતરી આવ્યા હતા. તેમાં ખાસ કરીને ઓછી આવકવાળા કુટુમ્બોના યુવાનો હતા.

ઈટાલી અને આલ્બેનિયામાં પણ વિરોધ વંટોળ શરૂ થઈ ગયો છે. મિલાનમાં (ઈટાલી) દેખાવકારો પોલીસ સાથે અથડામણમાં આવી ગયા હતા. તેઓ ઠેરનાં ઠેર રહેલાં વેતન, ફુગાવો, જીવન જરૂરિયાતની દરેક ચીજોના વધતા જતાં ભાવ સામે વિરોધ દર્શાવી રહ્યા હતા.આલ્બેનિયામાં યુનિવર્સિટીઓની ખરાબ હાલત, મોંઘું બની રહેલા શિક્ષણ તથા સરકાર દ્વારા અપાતા અપૂરતા ટેકા તથા રોજગારીની ઘટી રહેલી તકો - ગ્રેજ્યુએટ થયા પછી પણ નોકરી નહીં મળવાથી ત્રસ્ત યુવાનો તોફાને ચઢ્યા છે.

રાજધાની બરાનામાં ૧૩ ઓક્ટોબરે વિદ્યાર્થીઓએ શિક્ષણ મંત્રાલય સામે યોજેલા દેખાવો હિંસક બન્યા હતા. વિદ્યાર્થીઓએ શિક્ષણ મંત્રાલયનાં મકાન ઉપર પથ્થરો અને ઈંટોનો મારો ચલાવ્યો હતો. તેઓનો સૌથી વધુ આક્રોશ બેકારી અને અસમાનતા સામે હતો.આર્જેન્ટીનાનાં બ્યુનોસ-એરિસમાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સ્ટાફ તથા અક્ટિવિસ્ટે રેલીઓ યોજવી શરૂ કરી દીધી છે. તેઓ પ્રમુખ જેવીયર મીલીએ યુનિવર્સિટી માટેનાં ભંડોળોમાં મુકેલા કાપનો વિરોધ કરી રહ્યાં છે. તુર્કિયેના પાટનગર અંકારામાં પેન્શનરો અને લેબર ગ્રુપ ફૂગાવા તથા અપૂરતાં પેન્શન સામે કોન્સ્ટીટયુશનલ કોર્ટ સમક્ષ દેખાવો યોજ્યા હતા. ૬૦ વર્ષના એક નિવૃત્ત પોલિસ અધિકારી અલિ સેકેરોગ્લુએ પોતાની આર્થિક મુશ્કેલીઓ વર્ણવતાં પોતાની સર્વિસ પિસ્તોલ કાઢી તેના સાથે ઉભેલા તેના બંને બેકાર પુત્રોને ગોળી મારી પોતાને પણ ગોળી મારી દીધી હતી.

### ઓઈલ મથકો પર હુમલા નહીં કરવાની ટ્રમ્પની ચેતવણીનો ફિયાસ્કો

# યુક્રેનનો રશિયા પર ૧૦૦૦ ડ્રોનનો મારો પિટર્સબર્ગમાં ઓઇલ ટર્મિનલમાં આગ

**રશિયાના ૧૫ જેટલા પ્રાંતોને નિશાન બનાવીને યુક્રેન ડ્રોન છોડ્યા હતા, મોટાભાગનાને નાશ કરી દેવાયાનો દાવો**

મોસ્કો, તા.૧૯

યુક્રેને રશિયાના પોર્ટ સિટી સેન્ટ પિટર્સબર્ગ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. યુક્રેને સેન્ટ પિટર્સબર્ગ સહિતના રશિયન વિસ્તારો પર એક હજારથી વધુ ડ્રોન છોડયા હતા. આ હુમલા બાદ પિટર્સબર્ગમાં ઓઈલ નિકાસ ટર્મિનલ અને ઓઈલ ડેપોમાં આગ લાગી હતી. અમેરિકા અને યુક્રેન વચ્ચે વધી રહેલી તકરાર સમયે જ યુક્રેન દ્વારા રશિયાના ૧૫ જેટલા પ્રાંતો પર આ હુમલા કરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીને કહ્યું હતું કે તેઓ હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા ના કરે. જોકે ટ્રમ્પની આ ચેતવણી વચ્ચે જ યુક્રેને રશિયાના ઓઈલ મથકોને જ સૌથી વધુ નિશાન બનાવીને હુમલા શરૂ કરી દીધા છે. તાજેતરમાં યુક્રેને રશિયા પર કરેલા ૧૦૦૦ ડ્રોન હુમલામાં સૌથી વધુ નુકસાન પોર્ટ સિટી તરીકે ઓળખાતા સેન્ટ પિટર્સબર્ગ શહેરમાં થયું છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે અનેક લોકો ઘાયલ થયાના અહેવાલો છે.યુક્રેનના હુમલામાં પિટર્સબર્ગના ઓઈલ ટર્મિનલ અને રુચી ઓઈલ ડેપોમાં ભિષણ આગ લાગી હતી. જેને પગલે રશિયાને ભારે આર્થિક નુકલાન વેઠવુ પડયું હતું. રવિવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે અમારા સુરક્ષાદળોએ રશિયાના ૧૫ જેટલા પ્રાંતમાં યુક્રેન દ્વારા છોડવામાં આવેલા ડ્રોનનો નાશ કર્યો હતો. રશિયા દ્વારા પણ યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના ઝેપોરિઝઝીમાં રશિયાએ કરેલા હુમલામાં એક મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે એક બાળકી સહિત કેટલાક લોકો ઘાયલ થયા હતા. સાથે જ આ હુમલામાં કેટલાક વાહનો, ઈમારતોનો પણ નાશ થયો હતો. ૧૧મી તારીખે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે રશિયા અને યુક્રેન બન્ને શસ્ત્રવિરામ માટે તૈયાર થઈ ગયા છે.ટ્રમ્પે યુક્રેનને હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા નહીં કરવાની સલાહ આપી હતી, જોકે આ સલાહને બાજુમાં મુકીને યુક્રેને હુમલા શરૂ કરી દીધા છે જેને પગલે આ યુદ્ધ હાલ અટકવાની શક્યતા ઓછી છે.

### લેબ રિપોર્ટ સમયસર આવશે કે કેમ તેવો સવાલ

# ખરાબ ગુણવત્તાનાં ફાફડા-જલેબીનું વેચાણ રોકવા મ્યુનિ.ની દોડધામ

**ફૂડ વિભાગની ટીમોએ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાંથી ફાફડા અને જલેબીનાં ૫૦થી વધુ નમૂના લઇ લેબોરેટરીમાં મોકલી આપ્યા**

અમદાવાદ, તા.૧૯

આગામી દશેરાનાં તહેવાર નિમિત્તે લાખો શહેરીજનો કરોડો રૂપિયાનાં ફાફડા-જલેબી આરોગી જાય છે ત્યારે અનેક લેભાગુ વેપારીઓ હલકી ગુણવત્તાનાં અને ભેળસેળવાળી ચીજવસ્તુનો ઉપયોગ કરી બનાવતાં ફાફડા-જલેબી વેચી નાગરિકોનાં આરોગ્ય સાથે ચેડા કરતાં હોય છે. આવા વેપારીઓને ઝડપી લેવા માટે મ્યુનિ. ફૂડ વિભાગે ચેકિંગ અને નમૂના લેવાની કાર્યવાહી હાથ ધરી છે.મ્યુનિ. ફૂડ વિભાગનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, સૌપ્રથમ નવરાત્રિનાં તહેવારથી જ ખાણીપીણીનાં ધંધામાં તેજીની શરૂઆત થઈ જાય છે અને આ તેજી દિવાળી સુધી ચાલે છે. તહેવારોમાં હલકી ગુણવત્તાનાં અને ભેળસેળવાળા ખાદ્યપદાર્થોનુ ઉત્પાદન અને વેચાણ કરતાં વેપારીઓનો તોટો નથી. ખાસ કરીને મિઠાઈ, ફરસાણ, બેકરી પ્રોડક્ટસ વગેરેમાં મોટા પ્રમાણમાં ભેળસેળ કરવામાં આવે છે, જેનાથી નાગરિકોને અનેક પ્રકારનાં રોગનો ભોગ બનવુ પડે તેવી શક્યતા સો ટકા હોય છે. બીજી બાજુ ઉપરથી આવેલી સૂચનાને પગલે મ્યુનિ. ફૂડ વિભાગ હાલ તો સક્રિય બન્યુ છે અને ડુપ્લીકેટ ખાદ્યપદાર્થોનાં ઉત્પાદકો અને વેચાણ કરનારા સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે. હવે ખાસ કરીને દશેરાનાં દિવસે કરોડો રૂપિયાનાં ફાફડા-જલેબી વેચાવાનાં છે અને તેના માટે કેટલાય વેપારીઓ અત્યારથી જ ફાફડા વગેરે પ્રકારની ચીજવસ્તુ બનાવી સ્ટોક કરી રાખતાં હોય છે. ત્યારબાદ દશેરાનાં દિવસે ઉમટતી ભીડને વાસી ફાફડા અને જલેબી પધરાવી દેતાં હોય છે. આથી મ્યુનિ. ફૂડ વિભાગને અત્યારથી જ ફાફડા-જલેબીનાં નમૂના લઈ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવાની તાકીદ કરાઈ હોવાથી ફૂડ વિભાગની ટીમોએ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાંથી ફાફડા અને જલેબીનાં ૫૦થી વધુ નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

# બાબરાની ચિત્રકૂટ સોસાયટીમાં નવરાત્રિ મહોત્સવ અંતર્ગત બાળાઓને લ્હાણી વિતરણ સાથે શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાઈ










તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરનાં રામનગર વિસ્તારમાં આવેલી ચિત્રકૂટ સોસાયટીમાં સ્થાનિક રહીશો દ્વારા દર વર્ષની પરંપરા મુજબ પ્રાચીન રાસગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. નવરાત્રિનાં પાવન પર્વ દરમિયાન સોસાયટીની બાળાઓ અને મહિલાઓ માતાજીની આરાધના સાથે રાસગરબે રમી ભક્તિમય માહોલ સર્જે છે. સ્થાનિક રહીશોનાં સહયોગ અને ઉત્સાહભેર ભાગીદારીથી સમગ્ર નવરાત્રિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. ચિત્રકૂટ સોસાયટીમાં યોજાયેલા નવરાત્રિ મહોત્સવ દરમિયાન બાળાઓને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેલડ્રેસ અને વેશભૂષા સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને અમરેલીનાં ચિંતનભાઈ સેલાણી તરફથી શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે ઉપસ્થિત તમામ બાળાઓને ચિંતનભાઈ સેલાણી અને નારણભાઈ પોપટ દ્વારા લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નબાળાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવાના આ પ્રયાસથી બાળાઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. નવરાત્રિ જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક પર્વમાં બાળાઓની પ્રતિભાને પ્રોત્સાહન મળે તેમજ પરંપરાગત સંસ્કૃતિ અને માતાજીની આરાધનાની ભાવના નવી પેઢીમાં જળવાઈ રહે તેવો સુંદર સંદેશ આ આયોજન દ્વારા આપવામાં આવ્યો હતો. અહીંયા સોસાયટી રહીશો દ્વારા મનુબાપુનાં હસ્તે ચિંતનભાઈ સેલાણીનું સન્માન પત્ર એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, શહેર ભાજપ બક્ષીપંચ મોરચાનાં મહામંત્રી મનીષભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ચિત્રકૂટ સોસાયટીમાં નવરાત્રિ મહોત્સવને સફળ બનાવવા માટે સોસાયટીનાં રહીશો અજયભાઈ ખુમાણ, વિનુભાઈ મકવાણા, ભયલુભાઈ વાળા, પીયૂષભાઈ રામવાત, મનુબાપુ અને પંકજ ઈન્દ્રોડિયા સહિતનાં આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર નવરાત્રિ દરમિયાન કાર્યક્રમનું સુંદર સંચાલન જાણીતા રેડિયો આર્ટિસ્ટ પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. આમ, ચિત્રકૂટ સોસાયટીમાં ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાનાં સમન્વય સાથે નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બાળાઓને લ્હાણી વિતરણ અને શિલ્ડ આપી સન્માનિત કરવાના પ્રયાસે ઉત્સવના આનંદમાં વિશેષ ઉમેરો કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં જુની બારપટોળી ગામે

પોતાનાપિતાસાથેબોલાચાલીકરેલઅને તેમનાપિતાનેમોઢાનાભાગેહોઠનાડાબા ભાગેતથાડાબાપગનાસાંથળનાભાગેબે ઘાતથાજમણાપગનાગોઠણનાભાગેઘા મારેલ તથા શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારેલ હતો અને આરોપીએ પોતાના પિતાનેકહેલકેતુમનેજમીનમાંવાવવાની નાપાડીશતોહુંતનેજીવતોનહીરહેવાદઉ તુ ભલે મારો બાપ હોય પણ હું તને મારી નાખીશતેમજાનથીમારીનાખવાનીધમકી આપ્યાની પિતાએ આરોપી પુત્ર સામે પોલીસમાંફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## વડિયાનાં હનુમાન ખીજડીયા ગામે

પ્રાપ્ત વિગતો અનુસાર, હનુમાન ખીજડીયા ગામમાં ગઈકાલે મોડી રાત્રિના સમયે એક દીપડો આવી ચઢયો હતો અને ગામની શેરીમાં સૂતેલા એક ાનને નિશાન બનાવી દીપડાએ તેનો શિકાર કર્યો હતો. દીપડાની શિકાર કરવાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. માનવ વસાહતની અંદર દીપડો આવીને શિકાર કરતો હોવાની ઘટનાએ સ્થાનિકોમાં ભયની લાગણી જન્માવી છે.

એક તરફ અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સિંહોની અવરજવર અને હુમલાની ઘટનાઓને પગલે લોકોમાં ચિંતા જોવા મળી રહી છે, ત્યારે બીજી તરફ વડિયા પંથકમાં દીપડાની હાજરીએ મુશ્કેલીમાં વધારો કર્યો છે. ત્યારે ખાસ કરીને ખેતીની સીઝન દરમિયાન ખેડૂતો અને ખેતમજૂરોની અવરજવર વધતી હોય છે. ઉપરાંત નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોના દિવસોમાં મોડી રાત સુધી લોકોની અવરજવર રહેતી હોવાથી વન્યપ્રાણીઓની માનવ વસાહતમાં હાજરી ચિંતાનો વિષય બની છે.

હનુમાન ખીજડીયા ગામની શેરીમાં દીપડાએ ાનનો શિકાર કરતાં હવે ગામના લોકોમાં રાત્રિના સમયે બહાર નીકળવા અંગે પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દીપડો કયાંથી આવ્યો ? આસપાસના વિસ્તારમાં હજુ પણ સક્રિય છે કે કેમ ? અને માનવ વસાહત તરફ તેની અવર જવર અટકાવવા માટે કેવા પગલાં લેવામાં આવશે ? તેવા સવાલો સ્થાનિકોમાં ઊઠી રહ્યા છે.

આ સંજોગોમાં વનવિભાગ દ્વારા ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ આ વિસ્તારની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે અને દીપડાની અવર જવર અંગે માહિતી મેળવવા જરૂરી મોનિટરિંગ હાથ ધરવામાં આવે અને ગ્રામજનોને સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. માનવ વસાહતમાં વન્યપ્રાણીઓની અવર જવરથી કોઈ જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બને તે પહેલાં વનવિભાગ દ્વારા યોગ્ય તકેદારીનાં પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની અપેક્ષા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગિરનાર શીંગ | ૮૦૦ | ૧૫૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૦૦ | ૩૬૯૦ |
| ૫ | તલ કાળા | ૨૪૧૦ | ૪૩૩૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૬૦ | ૨૮૭૫ |
| ૭ | બાજરો | ૩૩૫ | ૬૨૫ |
| ૮ | જુવાર | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૫૦ | ૫૮૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૭૫ |
| ૧૨ | અડદ | ૧૪૮૦ | ૧૮૬૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૪૯૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૩૯૦ | ૧૪૯૫ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૧૬ | કપાસ | ૧૧૮૦ | ૧૯૮૦ |
| ૧૭ | એરંડા | ૧૫૭૦ | ૧૫૮૦ |
| ૧૮ | જીરૂ | ૪૪૪૦ | ૫૩૭૫ |
| ૧૯ | ધાણી | ૨૫૦૦ | ૨૭૫૫ |
| ૨૦ | અજમા | ૩૧૧૦ | ૩૩૪૦ |
| ૨૧ | મેથી | ૧૨૫૦ | ૧૪૫૫ |
| ૨૨ | સોયાબીન | ૧૦૦૦ | ૧૫૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરામાં દેશી તમંચાથી

કંટાળીને આ અંતિમ પગલું ભર્યુ હોવાનું પોલીસમાં નોંધાયેલી વિગતોમાં સામે આવ્યું છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી જિલ્લાના બગસરાના મેઘાણીનગર, શેરી નંબર–૩માં રહેતા ગજેન્દ્રભાઈ ઉર્ફે ગોદડભાઈ લખુભાઈ વાળા (ઉ.વ. ૭૦)ને લાંબા સમયથી મગજ તેમજ કમરની બીમારી હતી. જેથી કંટાળી જઈ ગત તા. ૧૭ રાત્રે આશરે સાડા નવ વાગ્યાથી તા. ૧૮ સવારના સાત વાગ્યા દરમિયાન તેમણે પોતાની પાસે રહેલા ગેરકાયદે દેશી બનાવટના તમંચાથી છાતીના ડાબા ભાગે ફાયરિંગ કરતાં તેમનું મોત નિપજયું હતું.

આ બનાવમાં વૃદ્ધ પાસે કોઈપણ પ્રકારનું લાઈસન્સ ન હોવા છતાં ગેરકાયદેસર રીતે દેશી બનાવટનું હથિયાર રાખવામાં આવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. આથી આત્મહત્યાના બનાવની વિગતો સાથે ગેરકાયદેસર હથિયાર રાખવા બદલ આર્મ્સ એકટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. બગસરા વિસ્તારમાં બનેલા આ બનાવને પગલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## નવી ટ્રેનનાં માત્ર દર્શન થશે

આથી જિલ્લાના મુસાફરોને ટ્રેનની સુવિધા મેળવવા અન્ય સ્ટેશનો સુધી જવાની ફરજ પડશે. જયારે જિલ્લાની જનતાને હરિદ્વારના પવિત્રધામના દર્શન કરવાના બદલે માત્ર હરિદ્વાર જતી ટ્રેનના દર્શન કરવાના રહેશે.

અમરેલી જિલ્લામાં રેલ્વે સુવિધાઓ વધારવા અને ટ્રેનોને સ્ટોપ અપાવવાના મુદ્દે અગાઉ જાહેર કરાયેલા વચનો સામે પણ સવાલો ઊભા થયા છે. વેરાવળ–હરિદ્વાર ટ્રેન ફરી શરૂ થવા છતાં અમરેલી જિલ્લામાં એક પણ સ્ટોપ ન મળતાં અગાઉ જાહેર કરાયેલા વચનનું સુરસુરિયું થઈ ગયું હોવાની ચર્ચા છે.

અમરેલી જિલ્લાના રેલ્વે સ્ટેશન માત્ર રેલ્વે ટ્રેન પસાર થવાનો માર્ગ બનીને રહેશે ? કે પછી જિલ્લાના મુસાફરોને પણ આવી ટ્રેનોનો લાભ મળશે, તે મોટો પ્રશ્ન છે. હવે રેલ્વે તંત્ર અને સ્થાનિક જનપ્રતિનિધિઓ અમરેલી જિલ્લાના કોઈ સ્ટેશન પર આ ટ્રેનને હોલ્ટ અપાવવા માટે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

આ અંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે ટેલિફોનિક વાત કરતા સાંસદે જણાવ્યું હતું કે, આ વેરાવળ–હરિદ્વાર ટ્રેનને અમરેલી જિલ્લાના ત્રણ રેલ્વે સ્ટેશન ઉપર સ્ટોપેઝ આપવાનું અગાઉ નક્કી થયેલ છે અને જો સ્ટોપ નહીં અપાય તો આજે ફરી તેઓ આ અંગે જવાબદાર રેલ્વે તંત્રના અધિકારીઓ સાથે ફોન ઉપર ચર્ચા કરી અમરેલી જિલ્લાના ત્રણ રેલ્વે સ્ટેશન ઉપર સ્ટોપેઝ આપવા અંગે રજુઆત કરશે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૬૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૬૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૭૫ | ૩૧૪૯ |
| ૪ | તલ કાળા | ૩૨૫૦ | ૪૧૩૫ |
| ૫ | જીરૂ | ૪૯૦૦ | ૫૩૦૧ |
| ૬ | કપાસ | ૧૯૦૦ | ૧૯૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૯૪ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૩૩૦ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૪૦૪ |
| ૧૨ | અડદ | ૧૪૦૦ | ૧૮૫૦ |
| ૧૩ | ચણા | ૧૨૫૦ | ૧૪૯૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૮૨૦ |
| ૧૬ | એરંડી | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૧૮ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ૧૯ | અજમા | ૨૩૦૦ | ૨૮૧૧ |
| ૨૦ | રજકાબી | – | ૮૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં અવધ રેસીડેન્સીમાં

બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસના ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ એક વોટર બ્રાઉઝર સાથે ફાયર ટીમ અવધ રેસીડેન્સી ખાતે પહોંચી હતી. ફાયર જવાનોએ આશરે ૧૫ મિનિટ સુધી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, મકાનમાં એ.સી. ઓવરહિટ થવાના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. જોકે, આગ લાગવાનુંચોક્કસ કારણ તપાસ બાદ સ્પષ્ટ થશે. આ કામગીરીમાં ફાયર સ્ટાફના ઋત્વિકભાઈ ભીમાણી, સાગરભાઈ પુરોહિત અને કૃષ્ણભાઈ ઓળકિયા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## મીઠાપુર (ડુંગરી)નાં ખેડૂત સહિત

નાખવો છે તેમ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

બાદમાં ખેડૂત ઘરે જતા રહેલ તે વખતે આરોપી હાથમાં તલવાર લઈને આવીને તથા બીજા આરોપી અજીતભાઈ રેવર લોખંડના પાઈપ લઈને ખેડૂતના ઘરના દરવાજે તથા બાજુ પડેલ મોટર સાયકલમા ઘા મારેલ. જેથી ખેડૂત ઘરની બહાર નીકળતા આરોપીએ તલવારનો ઘા માથાના પાછળના ભાગે, ડાબા હાથના ખંભાના નીચે, હાથની કોણીના ભાગે ટચલી તથા પહેલી આંગળી તથા જમણા હાથના અંગુઠા પર ઘા મારી ઈજા કરેલ. જેની વચ્ચે કેતનભાઈ પડતા આરોપીએ તલવારનો ઘા તેને પણ ડાબા હાથની હથેળીના ચોથી આંગળીમા ઈજા કરેલ હતી તેમજ ખેડૂતના પિતા બાધુભાઈ વચ્ચે પડતા તેને તલવારના ઘા મારી છોલાણ કરીને ગાળો આપીને, હથીયાર વડે ઘા મારમારીને મહાવ્યથા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૮૫ | ૧૯૫૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૫૦ | ૨૦૦૯ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૩૫૦ | ૧૫૭૮ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૭૫ |
| ૫ | જીરૂ | ૫૦૦૦ | ૫૨૫૦ |
| ૬ | ચણા | ૧૨૦૫ | ૧૩૭૦ |
| ૭ | ઘઉં | ૫૧૦ | ૫૭૨ |
| ૮ | અડદ | ૧૭૭૦ | ૧૮૧૦ |
| ૯ | સોયાબીન | ૧૩૪૦ | ૧૩૭૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૦૦ | ૧૯૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૩ |
| ૩ | તલ કાળા | ૨૨૪૦ | ૨૯૨૦ |
| ૪ | મગફળી | ૧૦૦૦ | ૧૫૦૪ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૬ | જુવાર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૭ | લસણ | ૮૦૫ | ૮૦૫ |
| ૮ | સોયાબીન | ૯૦૫ | ૧૪૪૬ |
| ૯ | ધાણા | ૨૪૫૫ | ૨૪૫૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## રાજુલાનાં મોરંગીમાં વૃધ્ધની

આ બનાવ અંગે મૃતકના પુત્ર રમજાન ભીખુભાઈ સમાએ આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં ડુંગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ તા. ૧૭ ઓકટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૪૫ વાગ્યે ગુનો નોંધાયો હતો.

અમરેલી એલસીબીના પોલીસ ઈન્સ્પેકટર સી.પી. વાઘેલા અને તેમની ટીમે ડુંગર પોલીસ સાથે સંકલન કરીને બાતમી તથા ટેકનિકલ સોર્સના આધારે ગણતરીની કલાકોમાં આરોપી રૂસ્તમભાઈ બેલીમને ઝડપી પાડયો હતો. ત્યારબાદ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ડુંગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ PTC મહિલા કોલેજ અમરેલી
ગુજરાતી મિડીયમ – મેનેજમેન્ટ ક્વોટા 9 સીટ – પ્રવેશ શરૂ
શ્રીમતી સી.જી. ઝાલાવાડીયા PTC મહિલા કોલેજ અમરેલી
ઇંગ્લીશ મિડીયમ – મેનેજમેન્ટ ક્વોટા 9 સીટ – પ્રવેશ શરૂ
* અરજી ફોર્મ વિતરણ અને સ્વીકાર તા. ૨૦/૧૦/૨૦૨૬ થી ૨૪/૧૦/૨૦૨૬
સમય ૧૦:૩૦ થી ૦૫:૦૦, સરકારશ્રીની ફોર્મ ફી સામાન્ય ક્ષા રૂા. ૧૫૦/– અનામત ક્ષા રૂા. ૧૦૦/– • અરજી ફોર્મ રૂબરૂ અથવા ટપાલ થી સ્વીકારાશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ અજયકુમાર આર. ઢોલરીયા બગસરા** તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસથી જાણ કરી જણાવીએ છીએ કે અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના **નાજાપુર** ગામની જુની શરતની ખેડવા લાયક ખેતીની જમીન **શ્રી મુકેશભાઈ પોપટભાઈ ઢેંબરીયા વિગેરે...૪** ની **ખાતા નં. ૧૫૧ સર્વે નં. ૧૩૭/૩ હે. ૧–૫૫–૮૧** થી સ્વતંત્ર કબ્જા ભોગવટાની અને માલીકીની આવેલી છે જે ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, સબબ આથી આ જાહેર નોટીસથી લાગતા વળતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહું ખેતીની જમીન સબંધે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, કે બેંકનું કરજ, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઈ, ભાગીદારી, ભાઈઓભાગ, કબ્જા, હલાણનો રસ્તો, ગાડા મારગનો હકક, કે કોઈ સોદાખત, મુખત્યારનામું, કે કોઈપણ પ્રકારના અગ્રહકક કે લખાણો હોય કે કબ્જા હકક હોઈ તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં નિચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યના મુદ્દત વિતેથી સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર, હકક, હિસ્સો કે લાગ ભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની લઈ ઉપર દર્શાવેલ મિલ્કતના માલીકો ધોરણસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન એકઝીકયુટ કરાવી લેશે અને વિધીવત રીતે જમીનનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદ કોઈપણના વાંધા, તકરાર, અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઈપણ વિગતે બંધન કર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી

તા.૧૯/૧૦/૨૦૨૬

**અજયકુમાર આર. ઢોલરીયા**
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૮૨૫૯ ૫૦૯૯૪

ઓફીસ :–
હોસ્પિટલ રોડ–બગસરા

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૫૧ | ૧૫૮૩ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૩ | તલ કાળા | ૧૫૦૦ | ૪૦૬૧ |
| ૪ | કપાસ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૫૪૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૧ |
| ૭ | જુવાર | ૧૪૦૧ | ૧૪૭૦ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | અડદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | સોયાબીન | ૧૨૨૫ | ૧૪૦૧ |

### શ્રી નાગણેચી માતાજીનાં સાનિધ્યમાં

# ઉનાનાં ગરાળમાં આઠમનાં દિવસે હવન અને સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## રાજપૂત સમાજનાં ૧૨૭ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઊના, તા. ૧૯

ઊના તાલુકાનાં ગરાળ ગામે આવેલા પવિત્ર શ્રી નાગણેચી માતાજી મંદિરનાં દિવ્ય સાનિધ્યમાં ક્ષત્રિય ગરાસીયા રાજપૂત સમાજ દ્વારા આઠમનાં દિવસે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક આસ્થા સાથે શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી સરસ્વતી સન્માન સમારોહ પણ ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં પરિવારો અને ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા.

આ પ્રસંગે યોજાયેલા સરસ્વતી સન્માન સમારોહમાં ધોરણ ૧થી લઈને ઉચ્ચ અભ્યાસ કરતા સમાજનાં કુલ ૧૨૭ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ બદલ દાતાઓ દ્વારા ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે કારકિર્દી અંગે માર્ગદર્શન પણ પૂરૂ પાડવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમમાં વિસ્તારનાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તેજસ્વી વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને શિક્ષણનાં ક્ષેત્રમાં સતત આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સમાજનાં પ્રમુખ મનહરસિંહ રાઠોડ તથા શ્રી નાગણેચી માતાજી મંદિર કમિટીનાં પ્રમુખ નવનીતસિંહ રાઠોડનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જયારે વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવા અને ઈનામ વિતરણનું સંચાલન કરવાની જવાબદારી કિશોરસિંહ રાઠોડે કુશળતાપૂર્વક નિભાવી હતી.

આ ધાર્મિક અને શૈક્ષણિક કાર્યક્રમમાં અંદાજે ૧,૫૦૦ જેટલા સમાજનાં પરિવારો અને ભાવિકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનાં અંતે તમામ ઉપસ્થિતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ આયોજન દ્વારા ક્ષત્રિય ગરાસીયા રાજપૂત સમાજે શિક્ષણ, સંગઠન અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો. સમાજના બાળકો શિક્ષણનાં માધ્યમથી પ્રગતિ કરે અને ઉજજવળ ભવિષ્યનું નિર્માણ કરે તેવા હેતુ સાથે યોજાયેલા આ સમારોહમાં સમાજની એકતા અને શૈક્ષણિક જાગૃતિના સુંદર દર્શન થયાં હતાં.

### અમરેલી : દેના બૅંક સોસાયટીમાં

# નવરાત્રિ પર્વ ઉજવાયું



અમરેલી, તા.૧૯

દેનાબેંક સોસાયટી, અમરેલીમાં નવરાત્રિ પર્વ ઉજવાયું શરૂઆતમાં માતાજીની આરતી થતી. ત્યારબાદ અત્રેની બહેનો દ્વારા મા ભગવતીના પ્રાચીન ગરબાઓ થતા, અત્રે એક પારિવારિક ભાવના સાથે બહેનો દ્વારા ગરબા લેવાતા છેલ્લે પ્રસાદ લઈ છુટા પડતા, આ મહીલા મંડળ દેનાબેંક સોસાયટી દ્વારા યોજાયેલ નવરાત્રિમાં ભારતીબેન મહેતા, વર્ષાબેન પરીખ, ચેતનાબેન ખેતાણી, સુધાબેન ગઢીયા, અનસુયાબેન સંઘવી, મીતાબેન ભટ્ટ, શોભાબેન જોષી, નયનાબેન વ્યાસ, વિરાજબેન વ્યાસ, ભાવિકાબેન ઠુમ્મર, સુમિત્રાબેન જેઠવા, કિરણબેન ત્રિવેદી, નીતાબેન બસન, બિનાબેન મકવાણા, સ્નેહુલબેન બસના, અસ્મીતાબેન ધાંધલીયા, મંજુલાબેન પડસાલા, શૈલપુત્રી મહેતા, ભદ્રિકાબેન વાઢેર, ભારતીબેન ઠાકર, હેમાક્ષીબેન ત્રિવેદી, હિનાબેન સાગર, રિન્કુબેન સોની, મનુબેન બસીયા, જયોત્સનાબેન જાની, વૈશાલીબેન અગ્રાવત સોનલબેન ત્રિવેદી, નયનાબેન વરીયા, ગુણવંતીબેન ભટ્ટ, મધુબેન વ્યાસ, ગીતાબેન ત્રિવેદી, પ્રતિભાબેન ત્રિવેદી, મેઘાબેન મહેતા, હેમાંગીબેન વરીયા, સપનાબેન નાંઢા, પારૂલબેન મકવાણા,તેમજ રાજુભાઈ પરિખ, કનુભાઈ ત્રિવેદી, નલીનભાઈ સંઘવી, તેમજ અન્ય દ્વારા આ નવરાત્રિ પર્વ ખુબ ધાર્મિક ભાવના સાથે ઉજવાયું સમગ્ર આયોજન ભારતીબેન મહેતા અને મહીલા મંડળનું રહયું હતું. તેમ જણાવાયું છે.

### જય અંબે મહાકાળી ગરબી મંડળ દ્વારા

# બાબરાના કોટડાપીઠા ખાતે મહા આઠમે મહાઆરતી યોજાઈ

## મંડળ દ્વારા નવરાત્રિમાંથી થતી આવકનો ખર્ચ સેવાકાર્યમાં થાય છે



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

બાબરા, તા.૧૯

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે આસો નવરાત્રિના મહા આઠમનાં પવિત્ર દિવસે અત્રે જય અંબે મહાકાળી ગરબી મંડળ ચોરા ચોકમાં મહાકાળી માતાજીની આરતી ૧૭ લાખ ૧૯ હજાર ૧૪૧ રૂપિયામાં ભકતજનોના ભાવીકોના ગ્રૃપ દ્વારા ઉતારવામાં આવેલ. આમ કોટડાપીઠા ગામમાં નવરાત્રિ મહાકાળી જય અંબે ગરબી મંડળ દ્વારા પક્ષીઓને ચણ, પશુઓમાં ઘાસચારો તથા ગામનાં સેવાકાર્ય તથા વિકાસ ક્ષેત્રેમાં કાર્યોમાં સહયોગ કરે છે.

### ૧૫૦ વર્ષથી જીવંત છે ભવાઈ અને નાટકની પરંપરા

# લાઠીમાં 'સોમનાથની સખાતે વીર હમીરસિંહજી ગોહિલ' નાટક દ્વારા શૌર્યગાથાને મંચ પર કરી જીવંત

## મહાકાળી નવરાત્રિ નાટક મંડળ દ્વારા પ્રશંસનીય કામગીરી



અમરેલી, તા. ૧૯

નવરાત્રી એટલે મા જગદંબાની આરાધના, ભક્તિ અને શક્તિની ઉપાસનાનું પર્વ છે. પરંતુ અમરેલી જિલ્લાના લાઠી ગામે નવરાત્રી માત્ર ગરબા અને માતાજીની ભક્તિ પૂરતું સીમિત નથી, અહીં વર્ષો જૂની ભવાઈ અને નાટય કલાની પરંપરા આજે પણ એટલી જ જીવંત છે. લાઠી ગામે આવેલ લુવારીયા ગેટ નજીક કાર્યરત મહાકાળી નવરાત્રી નાટક મંડળ દ્વારા નવરાત્રી દરમિયાન ધાર્મિક, સામાજિક અને ઐતિહાસિક વિષય વસ્તુ ધરાવતાં નાટકોનું મંચન કરવામાં આવે છે. પેઢી દર પેઢી આગળ વધતી આ પરંપરા લોકસંસ્કૃતિના જતનની સાથે ગુજરાતના ઐતિહાસિક શેર્ય અને બલિદાનની ગાથાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનું મહવપૂર્ણ કાર્ય કરી રહી છે.

લાઠીના આ મહાકાળી નવરાત્રીનાટક મંડળ દ્વારા આ વર્ષે સોમનાથની રક્ષા કાજે શહાદત વહોરનાર વીર હમીરસિંહજી ગોહિલની શૌર્યગાથા પર આધારિત 'સોમનાથની સખાતે વીર હમીરસિંહજી ગોહિલ' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાટકમાં કલાકારોએ વીરતા, સંઘર્ષ અને બલિદાનની ગાથાને અભિનયના માપ્રયમથી જીવંત કરવાનો પ્રયાસ કર્યો હતો. ખાસ કરીને વીર હમીરસિંહજી ગોહિલનું પાત્ર ભજવનાર ભાવેશ રંગપરાએ પોતાના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. લાઠીની ધરતીના વીર યોદ્ધાની શેર્યગાથા રજૂ થતાં ઉપસ્થિત દર્શકોમાં ઈતિહાસ પ્રત્યે ગેરવની લાગણી જોવા મળી હતી. આ નાટકની વિશેષતા એ છે કે, તેની પરંપરા માત્ર એક કે બે પેઢી પૂરતી સીમિત રહી નથી. મંડળ સાથે સંકળાયેલા કલાકારોના જણાવ્યા અનુસાર, તેમના વડવાઓ પણ આ નાટકોમાં વિવિધ પાત્રો ભજવતા હતા અને આજે નવી પેઢીના કલાકારો એ જ પરંપરાને આગળ ધપાવી રહ્યા છે. વીર હમીરસિંહજી ગોહિલનું પાત્ર ભજવતા ભાવેશ રંગપરા ચોથા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ત્યારથી આ પાત્ર ભજવી રહ્યા છે. બાળપણથી જ નાટ્યકલા સાથે જોડાયેલા રહીને તેમણે આ ઐતિહાસિક પાત્રને પોતાના અભિનય દ્વારા જીવંત રાખ્યું છે.

આ મંડળ દ્વારા નવરાત્રીના દિવસોમાં ધાર્મિક અને સામાજિક વિષયો ઉપરાંત ઐતિહાસિક પાત્રો આધારિત નાટકો પણ રજૂ કરવામાં આવે છે. લગભગ સવાસોથી દોઢસો વર્ષથી ચાલી આવતી હોવાનું જણાવાતી આ નાટય પરંપરા સમયના પરિવર્તન વચ્ચે પણ જળવાઈ રહી છે. મનોરંજનની આધુનિક સુવિધાઓના વધતા પ્રભાવ વચ્ચે પણ કલાકારોની મહેનત, સમર્પણ અને કલા પ્રત્યેની નિષ્ઠા આ પરંપરાને ટકાવી રાખવામાં મહવનો ભાગ ભજવી રહ્યાં છે.લાઠી અને અમરેલી વિસ્તારના લોકો ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ નાટકો નિહાળવા દર્શકો આવે છે ત્યારે વાંગધ્રાના દર્શક અમરદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા પાંચ વર્ષથી ભાવનગરથી અહીં નાટકો નિહાળવા આવે છે. કલાકારોની મહેનત, ઐતિહાસિક વારસાને જાળવી રાખવાનો પ્રયાસ અને પક્ષીઓ માટે ચણની સેવા જેવી પ્રવૃત્તિઓ પ્રશંસનીય છે. પરંપરાગત નાટયકલાને જીવંત રાખવા માટે કલાકારો જે સમર્પણથી કાર્ય કરી રહ્યા છે તે આવકારદાયક છે. નવી પેઢીને ઈતિહાસ સાથે જોડતું નાટયમંચ આજના સમયમાં નવી પેઢી સુધી ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાની વાત પહોંચાડવા માટે નાટક અસર કારક માધ્યમ બની શકે છે. વીર હમીરસિંહજી ગોહિલ જેવા શૂરવીરોની ગાથાઓ જયારે જીવંત અભિનય દ્વારા રજૂ થાય છે ત્યારે દર્શકોને માત્ર મનોરંજન જ નહીં, પરંતુ ઈતિહાસના બલિદાન અને શૌર્યને સમજવાની તક પણ મળે છે.લાઠીનું મહાકાળી નવરાત્રી નાટક મંડળ વર્ષોથી આ પરંપરાને જાળવીને લોકકલા અને સંસ્કૃતિના સંવર્ધનમાં યોગદાન આપી રહ્યું છે. નવરાત્રીના પાવન દિવસોમાં ભક્તિ સાથે ભવાઈ અને નાટકોની આ અનોખી પરંપરા લાઠીની સાંસ્કૃતિક ઓળખને વધુ સમૃદ્ધ બનાવે છે. પેઢીઓથી મળેલા વારસાને નવી પેઢી સુધી પહોંચાડતા આ કલાકારો સાબિત કરી રહ્યા છે કે સાચી કલા માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ ઈતિહાસ, સંસ્કાર અને સંસ્કૃતિને જીવંત રાખતી અમૂલ્ય ધરોહર પણ છે.નાટકની સાથે પક્ષીઓ માટે ચણની સેવા, મહાકાળી નવરાત્રી નાટક મંડળની કામગીરી માત્ર નાટ્ય મંચન પૂરતી મર્યાદિત નથી. ધાર્મિક આસ્થા સાથે પક્ષીઓ માટે ચણ નાખવા જેવી સેવાપ્રવૃત્તિઓ પણ મંડળ સાથે જોડાયેલી છે. કલા, સંસ્કૃતિ અને જીવદયાના ભાવને એકસાથે જોડતી આ પ્રવૃત્તિ મંડળની વિશિષ્ટ ઓળખ બની રહી છે.

### શહેર ખોડલધામ સમિતિ દ્વારા

# બાબરા ખાતે નવરાત્રિ મહોત્સવમાં ખોડિયાર માતાજીની મહાઆરતી યોજાઈ

## માતાજીની વેશભૂષામાં નાની બાળાઓએ આકર્ષણ જમાવ્યું




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

શક્તિ, ભક્તિ અને આસ્થાનાં પાવન પર્વ નવરાત્રિ નિમિત્તે બાબરામાં લેઉવા પટેલ સમાજની વાડી ખાતે શહેર ખોડલધામ સમિતિ દ્વારા ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં સમાજની બહેનો, ભાઈઓ, દીકરીઓ અને માતાઓ પરંપરાગત રાસ–ગરબે રમતાં માતાજીની આરાધના કરી ધન્યતા અનુભવી રહ્યાં છે. ત્યારે આઠમા નોરતે ખોડિયાર માતાજીની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લેઉવા પટેલ સમાજનાં લોકો સહિત ખોડલધામ સમિતિનાં અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આઠમાં નોરતાનાં પવિત્ર અવસરે માતાજીની મહાઆરતી કરવામાં આવતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તોએ શ્રદ્ધા અને ભાવપૂર્વક માતાજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. આરતીના પવિત્ર સૂર અને માતાજીનાં જયઘોષથી સમગ્ર પરિસર ભક્તિનાં રંગે રંગાયું હતું. ઉપસ્થિત સૌએ માતાજીનાં આશીર્વાદ મેળવી સમાજ, પરિવાર અને સમગ્ર વિસ્તારની સુખ–શાંતિ, સમૃદ્ધિ તથા સર્વાંગી પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

નવરાત્રિ મહોત્સવ દરમિયાન નાની–નાની બાળાઓ માતાજીની વિવિધ વેશભૂષામાં સજજ થઈને ઉપસ્થિત રહી હતી, જેમણે સેને માતાજીનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં. બાળાઓની આ આકર્ષક ઝાંખી મહોત્સવનું વિશેષ આકર્ષણ બની હતી. પરંપરાગત વેશભૂષા, ભક્તિભાવ અને ધાર્મિક માહોલે સમગ્ર કાર્યક્રમને વિશેષ યાદગાર બનાવ્યો હતો.

શહેર ખોડલધામ સમિતિ દ્વારા આયોજિત આ નવરાત્રિ મહોત્સવ માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો સીમિત ન રહેતાં સમાજમાં એકતા, સંસ્કાર અને સંગઠનની ભાવનાને પણ મજબૂત બનાવી રહ્યો છે. સમાજનાં નાના–મોટા સૌ સભ્યો એક સાથે જોડાઈને માતાજીની આરાધના કરી રહ્યા છે, જે નવીપેઢીમાં સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓનું સિંચન કરવા સાથે સામાજિક એકતાનો સુંદર સંદેશ આપી રહ્યો છે.

### NSSની નિયમિત પ્રવૃતિના ભાગરૂપે

# અમરેલી ખાતે બી.એન.વિરાણી માધ્યમિક કન્યા શાળા દ્વારા-સ્વચ્છતા અભિયાન યોજાયું

## ચક્કરગઢ રોડ ઉપરથી ગંદકી દુર કરવામાં આવી




અમરેલી, તા.૧૯

એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃતિના ભાગરૂપે બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાએ શહેરના ચકકરગઢ રોડ પર સ્વચ્છતા અભિયાન યોજી રસ્તાની સફાઈ કરવામાં આવી હતી. આ અભિયાન દ્વારા સ્વચ્છતા જાળવવા અને જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# બાબરકોટના દેશી બાજરાની દેશભરમાં માંગ, વાવેતર સમયે જ ખેડૂતોને મળે છે ખરીદીના ઓર્ડર






જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામના દેશી બાજરાની મીઠાશ અને ગુણવત્તાના દેશભરમાં વખાણ થઈ રહ્યા છે. બાબરકોટ અને આસપાસનાં સાત ગામોમાં બાજરાનું વાવેતર કરવામાં આવે છે. આ બાજરાની વિશેષતા એવી છે કે ખેડૂતોને પાક તૈયાર થયા બાદ તેનું વેચાણ કરવા માટે બજારમાં ભટકવું પડતું નથી, પરંતુ વાવેતરની સિઝન દરમિયાન જ ખરીદીના ઓર્ડર મળવા લાગે છે. દેશી બાજરાની વધતી માંગને કારણે આ વિસ્તારના ખેડૂતો માટે બાજરાની ખેતી આવકનું મહત્વનું સાધન બની રહી છે. બાબરકોટ સહિત આસપાસનાં સાત ગામોમાં અંદાજે ૭૦૦ વીઘા જમીનમાં બાજરાનું વાવેતર કરવામાં આવે છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષે બાબરકોટના બાજરાના ભાવ અંદાજે રૂ. ૨,૨૦૦થી રૂ. ૨,૫૦૦ની આસપાસ બોલાઈ રહ્યા છે. જયારે અગાઉના ભાવની વાત કરીએ તો ગુણવત્તા અને બજારની સ્થિતિ પ્રમાણે રૂ. ૨,૫૦૦થી રૂ. ૩,૦૦૦ સુધીના ભાવ પણ જોવા મળ્યા છે. જો કે, ભાવમાં પાકની ગુણવત્તા અને બજારની માંગ પ્રમાણે ફેરફાર થઈ શકે છે. દરિયાઈ હવા અને જમીન બાજરાની વિશેષતા બાબરકોટના બાજરાની વિશેષતા પાછળ અહીંનું હવામાન અને જમીન મહત્વનો ભાગ ભજવે છે. દરિયાકાંઠાની નજીક આવેલા આ વિસ્તારમાં દરિયાઈ મોજાં સાથે આવતી ક્ષારયુક્ત હવા બાજરાના ડુંડાને સ્પર્શે છે. સ્થાનિક ખેડૂતોના મતે, આ વિસ્તારનું હવામાન અને જમીનની પરિસ્થિતિ બાજરાના પાક માટે અનુકૂળ છે. ખાસ કરીને પથરાળ અને સ્થાનિક રીતે ઓળખાતી પાણા જેવી જમીનમાં બાજરાનું સારૂ ઉત્પાદન થતું હોવાનું ખેડૂતો જણાવે છે.આ બાજરાની મીઠાશ તેની આગવી ઓળખ બની છે. દેશી બાજરામાંથી તૈયાર થતા રોટલાનો સ્વાદ લોકોને ખૂબ પસંદ પડે છે. ખાસ કરીને ગરમાગરમ બાજરાના રોટલા ઉપર માખણ મૂકવામાં આવે ત્યારે તેની મીઠાશ અને સ્વાદ વધુ આકર્ષક બને છે. આ જ કારણસર બાબરકોટના બાજરાની માંગ સ્થાનિક બજાર ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ રહે છે. ચારમહિનામાં પાક તૈયાર, એક વીઘે ૨૫ મણ સુધીનો ઉતારો બાબરકોટના ખેડૂત પીઠાભાઈ નકુમે જણાવ્યું હતું કે, બાબરકોટના બાજરાની દેશભરમાં આગવી ઓળખ છે. અહીંના ખેડૂતો બાજરાનું વાવેતર કરીને સારી આવક મેળવવાનો પ્રયાસ કરે છે. બાજરાનો પાક તૈયાર થતાં અંદાજે ચાર મહિનાનો સમય લાગે છે. અનુકૂળ પરિસ્થિતિમાં એક વીઘા જમીનમાંથી આશરે ૨૫ મણ સુધીનો ઉતારો મળતો હોવાનું તેઓ જણાવે છે. ખેડૂતો માટે સેથી મોટી રાહત એ છે કે બાજરાની ગુણવત્તા અને સ્વાદને કારણે વાવેતરના સમયથી જ ખરીદદારોનો સંપર્ક શરૂ થઈ જાય છે. પરિણામે પાક તૈયાર થયા પછી વેચાણની ચિંતા પ્રમાણમાં ઓછી રહે છે. આમ, બાબરકોટનો દેશી બાજરો માત્ર ખેતીનો પાક નથી, પરંતુ તેની આગવી મીઠાશ, સ્થાનિક હવામાન અને ખેડૂતોની મહેનતના કારણે સમગ્ર વિસ્તારની ઓળખ બની રહ્યો છે.

### એલસીબી અને ડુંગર પોલીસની સંયુક્ત કામગીરી

# રાજુલાનાં મોરંગીમાં વૃધ્ધની છરીના ઘા ઝીંકી હત્યા કરનાર આરોપી કલાકોમાં ઝડપાયો

## દુકાને બેઠેલા ભીખુભાઈ સમા પર હુમલો કરી સાંથળના ભાગે છરીનો એક મરણતોલ ઘા માર્યો હતો

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના મોરંગી ગામે અંગત અદાવતમાં એક વૃદ્ધની છરીનો મરણતોલ ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી બનાવમાં અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) અને ડુંગર પોલીસને ગણતરીની કલાકોમાં સફળતા મળી છે. ગામમાં દુકાને બેઠેલા ભીખુભાઈ નનુભાઈ સમા પર છરીથી હુમલો કરી તેમની હત્યા કરવાના ગુનામાં પોલીસે મોરંગીના રૂસ્તમભાઈ રાજેભાઈ બેલીમ (ઉ.વ. ૪૦)ને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે ડુંગર પોલીસને સોંપ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા. ૧૭ના રોજ સવારે આશરે સાડા આઠ વાગ્યાના અરસામાં મોરંગી ગામે નરશીભાઈની દુકાને ભીખુભાઈ નનુભાઈ સમા બેઠા હતા. આ દરમિયાન મોરંગી ગામના પ્લોટ વિસ્તારમાં રહેતા રૂસ્તમભાઈ રાજેભાઈ બેલીમ ત્યાં આવ્યા હતા. અંગત અદાવતને કારણે ભીખુભાઈ સાથે બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે ભીખુભાઈના સાંથળના ભાગે મરણતોલ ઘા ઝીંકતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું મોત નિપજયું હતું.

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લાનાં માનવ વસાહતમાં જંગલી પ્રાણીઓની સતત અવરજવર

# હનુમાન ખીજડીયા ગામે ગલીમાં રાત્રિનાં સમયે દીપડાએ કરેલ શ્વાનનાં શિકારનું દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ

## વન વિભાગ જંગલી પ્રાણીઓને માનવ વસાહતમાં આવતાં અટકાવી શકતુ નથી



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડાની માનવ વસાહતોમાં અવરજવર અને હુમલાની ઘટનાઓ વચ્ચે હવે વડિયા પંથકમાં પણ દીપડાની હાજરીએ લોકોની ચિંતા વધારી દીધી છે. વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે મોડી રાત્રે ગામની શેરીમાં ઘૂસી આવેલા એક દીપડાએ સૂતેલા ।નનો શિકાર કર્યો હતો. દીપડાએ ।નનો શિકાર કર્યો હોવાની આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે અને ગામમાં દીપડાની હાજરી જોવા મળતા ગામમાં ફફડાટ ફેલાયો છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### રેલ્વેનાં અધિકારીઓ જિલ્લાને અન્યાય કરવામાં હંમેશા અગ્રેસર

# અન્યાય : અમરેલી જિલ્લાની જનતાને આજથી વેરાવળ–હરિદ્વાર રૂટની નવી ટ્રેનનાં માત્ર દર્શન થશે

## અગાઉ ''વંદે ભારત'' ટ્રેનમાં પણ અન્યાય કરાયા બાદ તેને સ્ટોપ અપાયો હતો




અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાને રેલ્વે સુવિધાના મામલે વધુ એક વખત અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની છે. ત્યારે આવતીકાલથી તા. ૨૦થી વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનું ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આ ટ્રેન અમરેલી જિલ્લામાંથી પસાર થતી હોવા છતાં આ અમરેલી જિલ્લામાં આ વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને એક પણ રેલ્વે સ્ટેશન પર સ્ટોપ આપવામાં આવ્યો નથી. પરિણામે અમરેલી જિલ્લાના મુસાફરોને આ ટ્રેનનો લાભ મળવાનો નથી. ત્યારે રેલ્વે વિભાગના નિર્ણય સામે જનતામાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અગાઉ ભાવનગર રેલ્વે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૦૯૨૦૩ વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનું સંચાલન આવતીકાલ તા. ૨૦ ઓકટોબરથી ફરી શરૂ કરવામાં આવશે અને આગામી તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી કરવામાં આવશે.

આવતીકાલથી વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ફરી શરૂ થવાથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા લોકોને સુવિધા મળવાની આશા છે, પરંતુ અમરેલી જિલ્લાની વાત આવે ત્યારે રેલ્વે તંત્રનો નિર્ણય નિરાશાજનક સાબિત થયો છે. ટ્રેન અમરેલી જિલ્લામાંથી પસાર થવા છતાં એક પણ સ્ટેશન પર રોકાશે નહીં.

અનુસંધાન પાના ૬ ઉપર

### એકી સાથે ૪ આરોપીઓને દબોચી લેવાયા

# બાબરા પોલીસ સ્ટેશનનાં અનડીટેકટ ચોરીનાં ગુન્હાનો એસઓજીએ ભેદ ખોલ્યો

## કુલ રૂપિયા ૬.૦૫ લાખનો મુદ્દામાલ ઝડપાયો

બાબરા, તા. ૧૯

બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીનાં અનડીટેકટ ગુન્હાનાં ૪ આરોપીને રૂપિયા ૬.૦૫ લાખનાં મુદ્દામાલ સાથે એસઓજી ટીમે ઝડપી લીધા છે.

વિગત એવા પ્રકારની છે કે, એસઓજીએ બાતમીનાં આધારે બાબરાનાં શાહ પેટ્રોલ પંપ ચોકડી નજીક એક સફેદ કલરની કાર તલાસી લેતા તેમાં સવાર આરોપીઓ અર્જૂનભાઈ સેખલીયા, રાહુલભાઈ પરમાર અને આકાશભાઈ સેખલીયા રે ગારિયાધાર અને પંકેશ ડાભી રે. ખોપાળા તા. ગઢડાની અટકાયત કરી રોકડ રૂપિયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

૯૫૬૦૦, મોબાઈલ નંગ–૪ કિંમત રૂપિયા ૨૦ હજાર તે કાર મળી કુલ રૂપિયા ૬.૦૫ લાખનાં મુદ્દામાલ કબ્જે કરેલ છે.

આ કામગીરી અમરેલી એસઓજી પોલીસ ઈન્સ્પેકટર બી.જી. ઈશરાણીનાં માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમનાં એઅસઆઈ જાવિદભાઈ કાદરભાઈ તથા યુવરાજસિંહ માધુભા તથા જયરાજભાઈ ધુસાભાઈ તથા હસમુખભાઈ શિવાભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

### સામાન્ય બાબતને લઈને માથાકૂટ થઈ

# ધારી : મીઠાપુર (ડુંગરી)નાં ખેડૂત સહિત 3 વ્યકિતઓ ઉપર હુમલો થતાં ફરિયાદ

## સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૯

ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામે હરીધામ સોસયટીમાં રહેતા દિલીપભાઈ બાધુભાઈ વાળા નામના ૩૫ વર્ષીય ખેડૂત ગત તા. ૧૮ના બપોરના ૪ વાગ્યે પોતાના ઘરે આવતા હતા. તે વખતે જાહેર રસ્તામાં તે જ ગામે રહેતા આરોપી કરણસિંહ નારસીંગભાઈ રેવર એક સફેદ કલરની ફોર વ્હીલ જેના પર જય ભવાની લખેલ તેના નંબર ખેડૂતને ખબર ના હોય, તે ખેડૂતની સામે આવતા જેથી ખેડૂતે તેના ચાલક કરણસિંહને કહેલ કે કેમ બોલેરો માથે આવવા દીધેલ ? જેથી આરોપીએ ઉશ્કેરાઈ જઈને ખેડૂતને કહેવા લાગેલ કે તને તો મારી જ

અનુસંધાન પાના ૬ ઉપર

### નાના ભાઈની દીકરીને ભગાડી જતાં આધેડ સમજાવવા જતાં

# લાઠીનાં જાનબાઈ દેરડી ગામે ઢસાનાં આધેડ ઉપર લાકડી વડે હુમલો

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

ગઢડા તાલુકાના ઢસા ગામે આવેલ શંકરપરામાં રહેતા ભરતભાઈ કાનજીભાઈ ભેસજાળીયા નામના ૫૦ વર્ષિય આધેડના નાના ભાઈની દીકરીને લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા આરોપી મેઘાભાઈ રાઠોડનો દીકરો ભગાડીને લઈ ગયેલ હતો. જેથી આ આધેડ આરોપી પાસે આવી અને તેમના નાના ભાઈની દીકરીને પાછી આપી દેવા બાબતે વાતચીત કરતા હતા. તે વખતે આરોપીએ ઉશ્કેરાઈ જઈ આધેડને ગાળો આપી તથા આરોપી મેઘાભાઈ રાઠોડ તથા તેમના દીકરાએ લાકડી વડે આધેડને આડેધડ માર મારતા શરીરે તથા ગુપ્ત ભાગે મુંઢમાર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આધેડના ખીસ્સામાં રહેલ ફોન ઉપર લાકડીનો ઘા લાગતા ફોન તુટી જતાં આશરે રૂપિયા ૨૦,૦૦૦નું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એ.સી. ઓવરહિટ થવાથી આગ લાગી હોવાની પ્રાથમિક આશંકા

# અમરેલીનાં અવધ રેસીડેન્સીમાં મકાનમાં આગ લાગવાથી દોડધામ

## ૧૫ મિનિટ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરના ચિતલ રોડ પર આવેલી અવધ રેસીડેન્સીના એક રહેણાંક મકાનમાં આગ લાગવાની ઘટના બનતાં દોડધામ મચી હતી. ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવતાં ફાયર

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)